॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ફેબ્રુઆરી-૨૦૨૪ * વર્ષ ૩૮ * અંક ૧૧



બ્રહ્મસ્વરૂપ જે સંત, તેનો કરીએ પ્રસંગ, તો થાય સાચો સત્સંગ, છૂટે ભવબંધન,

આતમ પામે ધામ તુરંત...!

॥ સ્વામિશ્રીજી ॥



# "સ્વામી ! ભવિષ્યમાં આપના શિષ્યો આપની સુવર્ણની મૂર્તિ પધરાવશે !"

આ વર્ષે ચૌદમી ફેબ્રુઆરીએ જ મહા સુદ પાંચમ – વસંતપંચમી છે – બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીનો ૧૫૯મો પ્રાગટ્યદિન !

પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની મરજી અનુસાર પ્રભુના કાર્યના વાહક રૂપે પ્રભુના દિવ્ય તત્ત્વના ધારક મહા ચૈતન્ય જ્યારે આ ધરતી પર મનુષ્યદેહ ધારણ કરી પ્રગટ થાય છે ત્યારે આ પૃથ્વીના મુમુક્ષુઓ માટે એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર રૂપે તેઓ મંગલરૂપ હોય છે.

બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ પણ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તક જ્યોતિર્ધર રૂપે જ પ્રગટ થયા અને આ જ તેઓના જીવનનો મૂળ અને મુખ્ય ઉદ્દેશ રહ્યો ! આશ્રિતજન માટે ભગવાન સ્વામિનારાયણ ન કેવળ સાકાર અને સર્વ કર્તા-હર્તા સર્વોપરી છે ; પરંતુ, પ્રભુનું એ દિવ્ય તત્ત્વ આ ધરાતલ પર શાશ્વતકાળ પર્યંત પ્રગટ અને પ્રત્યક્ષ રહે છે, અને એવા પ્રગટ પ્રત્યક્ષ ગુરુરૂપે શ્રીહરિની સાથે આત્મબુદ્ધિ અને પ્રીતિથી જીવને જોડે "તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં..." તેવાં સ્વયં શ્રીજી મહારાજનાં અમૃત વચનો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ અને આ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમના પરમ તત્ત્વના ધારક એકમેવ અદ્વિતીય અનાદિ અક્ષરબ્રહ્મ તે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! આમ, પુરુષોત્તમના પરમ તત્ત્વના સંપૂર્ણ સાંગોપાંગ ધારક એવા અક્ષરમૂર્તિ દ્વારા અક્ષરપુરુષોત્તમના સાકાર, દિવ્ય, પ્રગટ અને આશ્રિતજન માટે સર્વોપરીપણાની વાતની અનુભૂતિ તે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અને તેનાં આચરણ તે જીવના પરમ કલ્યાણનો સરળતમ્ અધ્યાત્મમાર્ગ તથા જીવનના દિવ્ય પરિવર્તનની સહજતમ્ રીત !

ગઢડા મધ્યના ૨૧મા વચનામૃતના આધારે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની આ પરમ કલ્યાણકારી વાત જ્યારે શ્રી વડતાલ મંદિરજીની કમિટીના તત્કાલીન સભ્ય અને ગુજરાતના સન્માનનીય સાક્ષર શ્રી દોલતરામ કૃપાશંકર પંડ્યાજીને નડિયાદમાં તેઓના નિવાસસ્થાને તેઓના મુમુક્ષુતાપૂર્ણ પ્રશ્નોના સમાધાન રૂપે સમજાવી ત્યારે શ્રી દોલતરામજીના મુખે ભાવિના નિર્દેશ કરનારા શબ્દો આજે અનુપમ મિશનની તપોભૂમિમાં પ્રગટ મંદિરજીમાં સાકાર થયા છે. શ્રી દોલતરામજીએ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના શ્રીમુખે શ્રીજી મહારાજના વચનામૃત ગઢડા મધ્ય ૨૧ના નિરૂપણનાં શ્રવણ કરી કહ્યું હતું કે,

**"સ્વામી ! આ તો જે કાર્ય કરવા (સ્વયં) મહારાજને અવતાર ધરીને ફરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે. આપની મહત્તા અપાર છે. એટલે, આજે તો આપે મહારાજ અને સ્વામીની ધાતુની મૂર્તિઓ પધરાવી છે ; પણ, ભવિષ્યમાં આપના શિષ્યો આપની સુવર્ણની મૂર્તિ પધરાવશે !"**

શ્રી દોલતરામ પંડ્યાજીની એ ભવિષ્યવાણી સંતભગવંત સાહેબજીના માધ્યમ દ્વારા સાકાર થઈ છે તે સમગ્ર અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઉપાસકો અને સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાય માટે ગૌરવવંતી મંગલમય ઘટના છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના વચન અનુસાર જીવનના પ્રત્યેક વિચાર અને વાણી અને વર્તનમાં આચરણમાં આણનારા ગુરુહરિ પરમ પૂજ્ય કાકાશ્રીએ પણ ૧૯૫૨ની સાલના ફેબ્રુઆરી માસની ત્રીજી તારીખે શ્રી ગોંડલ મહાતીર્થમાં પ્રગટ મંદિરજીમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સન્મુખ ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રાર્થના અને કૃપાશિષથી ૭૨ કલાકની સમાધિ અવસ્થા દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની તાત્ત્વિક અનુભૂતિ અને સાક્ષાત્કાર કર્યાં !

આ બંને દિવ્ય પ્રભુના તત્ત્વના ધારક ગુણાતીત સત્પુરુષો – બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ તથા ગુરુહરિ પરમ પૂજ્ય કાકાજી મહારાજને આપણાં અનંત હૃદયવંદન સહ ભક્તિસભર સાષ્ટાંગ દંડવત પ્રણામ હજો !

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના રૂપી જીવના પરમ કલ્યાણનો મુદ્દો આ જીવનમાં સાકાર થાય તેવી અંતરની પ્રાર્થના અખંડ વહો ! ◆

~ સાધુ મનોજદાસ

॥ સ્વામિશ્રીજી ॥





# સંતભગવંત સાહેબજીની છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, શ્રી વડતાલ ધામ,**
**'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર' ઉદ્‌ઘોષ દિન, ૩૧ ડિસેમ્બર ૨૦૨૩**

**સ્વામિનારાયણ** સંપ્રદાયના આપણા સૌ ભક્તો માટે વડતાલ ધામ એ મહાતીર્થ છે. સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની હયાતીમાં છ મંદિર બનાવ્યાં એમાંનું આ વડતાલ ધામનું મંદિર, જેની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને કરી. શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સ્વયં સ્વામિનારાયણ ભગવાને બનાવડાવી, અને એની પ્રાણપ્રતિષ્ઠા કરી આશીર્વાદ આપ્યા કે, 'આ મૂર્તિની સમક્ષ જે સંકલ્પ કરીને ધૂન કરશો એ સંકલ્પ પૂરા કરીશ.'

યોગીજી મહારાજ જ્યારે ચરોતરની આ ભૂમિ આણંદ પધારે ત્યારે અવશ્ય વડતાલ ધામનાં દર્શન કરવા પધારે. પોતે સ્વયં હરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ હતા, તો પણ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે ઊભા રહીને બધાય ભક્તોના મનોરથ પૂરા કરવાની અડધો કલાક જેટલી ધૂન કરાવતા. તેઓની સ્મૃતિ અહીંયાં આવીએ ત્યારે અવશ્ય થાય છે.

વડતાલ ધામનાં દર્શને આટલી મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો પદયાત્રા કરીને આવ્યાં, વડીલો કારમાં આવ્યા; એ બધાંને ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ ! ઇંગ્લૅન્ડ, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, કૅન્યાથી દોઢસોથી બસો જેટલા જે યુવાનો આવ્યા છે, તેઓ ચાર દિવસના સૌરાષ્ટ્ર પંચતીર્થના ઝડપી પ્રવાસે હતા; તેથી ચિંતા હતી કે, આ જુવાનિયાઓ થાકી તો નહીં જાય ને ! ગઈ કાલે તેઓ માણાવદરથી નીકળ્યા, ધારી દર્શન કર્યાં, ધારીથી અહીં આણંદ-મોગરી આવ્યા; ૧૦-૧૧ કલાકનું ટ્રાવેલિંગ કર્યું. ગમે એવો જુવાનિયો હોય તે પણ થાકી જાય અને સવારે મોડો જ ઊઠે. એટલે તેઓને પુછાવ્યું કે, 'સવારે ૪:૩૦ વાગ્યે ઊઠીને, ચાલીને વડતાલ ચાલીને જવાનું છે તો ઉઠાશે ?' ત્યારે સૌ કહે, 'અમે ઊઠી જઈશું ને ચાલીને જ વડતાલ જઈશું.' તમને બધાંને શાબાશ ! ધન્યવાદ ! સૌ સદ્‌ગુરુ સંતો બહુ જ ખુશ એટલે થયા કે, આખી જિંદગી ઊંઘવાનું જ છે, પણ આ મહાતીર્થસ્થાનમાં ચાલીને આવ્યાં એ બહુ મોટી જાત્રા કરી ! ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજ બહુ રાજી થયા. રસ્તામાં વલ્લભવિદ્યાનગર મંડળનાં બધાં ભાઈઓ-બહેનોએ મંડપ બાંધી સૌ પદયાત્રીઓને ચા-નાસ્તો કરાવ્યો; તેઓ પણ બહુ પુણ્ય કમાઈ ગયાં. જાત્રા કરનારની સેવા કરે, દર્શન કરે એમને પણ પુણ્ય મળે. તો એ લોકોને ખૂબ અભિનંદન, ધન્યવાદ !

અનુપમ મિશન ઈન્ટરનેશનલ કમિટીના બધા સભ્યો તરફથી ઈંગ્લૅન્ડના ઘણા દાનવીરોનો ૧૦૦ જેટલી શાળાઓમાં વૉશરૂમ કરવાનો પ્રૉજેક્ટ આવ્યો. નક્કી થયું કે આપણે આ પ્રૉજેક્ટ કરીએ. અશ્વિનભાઈ, રતિકાકા, દિલીપભાઈ ને બધાની કમિટીએ નક્કી કર્યું કે, આપણે દર વર્ષે વડતાલ ધામ – શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીનું મુખ્ય ધામ અને એની સાથે જોડાયેલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની જે શાળામાં ઉત્સવ ઊજવીએ છીએ એ હાઈસ્કૂલમાં પહેલામાં પહેલું વૉશરૂમ બનાવવાની શરૂઆત કરીએ. પછી શાળાના ટ્રસ્ટીમંડળને મળ્યા અને એમણે રાજીખુશીથી આ કાર્યક્રમમાં ભાગ લીધો તો એ સૌને ખરેખર ખૂબ ખૂબ ધન્યવાદ ! અભિનંદન ! ભગવાનનો રાજીપો પ્રાપ્ત કરવાની આવી સેવાની તક આપણને મળી, એ બદલ ઈંગ્લૅન્ડના દાનવીરોને પણ ધન્યવાદ !

મોટી સંખ્યામાં બધા ભક્તો આવ્યા, ખરેખર ખૂબ આનંદ થયો, પણ આપણે ધ્યાન એટલું જ રાખવાનું કે, આપણે કંઈક લઈને જવું છે. શાસ્ત્રોમાં લખાયું છે, શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી


મહાવીર, શ્રી બુદ્ધ - ભગવાનના બધા અવતારોએ પણ સ્વમુખે વાત કરી છે કે, ભગવાનનાં દર્શન કરવા જતાં, સાધુ-સંતોનાં દર્શન કરવા જતાં એક એક પગલે એક એક અશ્વમેધ યજ્ઞનું પુણ્ય મળે છે. તો આજે આપણે અહીંયાં પદયાત્રા કરીને આવ્યાં. એક કિલોમીટર એટલે ૧૫૦૦ પગલાં ચલાય. તમે ૧૦થી ૧૨ કિલોમીટર ચાલ્યાં - ૧૫થી ૨૦ હજાર સ્ટૅપ્સ ચાલીને તમે આવ્યાં તો આજે ૧૫થી ૨૦ હજાર અશ્વમેધ યજ્ઞનું પુણ્ય તમારી ઝોળીમાં છે. હવે એને વાપરવાની રીત શીખી લેવી છે બસ. ઘણાં પુણ્ય વેડફી નાખે, ઘણાં ગાફેલ હોય એ વાપરે જ નહીં અને ઘણાં હોશિયાર હોય એ ઇન્વૅસ્ટ કરી એને ડબલ કરે. તો આપણે ડબલ કરવું છે.

આ પરદેશના યુવકોને સમજાય એ શબ્દોમાં વાત કરીએ તો પુણ્ય બધું બહુ જમા થયું છે, પણ એ કેમનું વપરાઈ જાય છે એ આપણને પોતાને ખબર નથી પડતી. મૉડર્ન યુગમાં આપણે શોપિંગ સૅન્ટર-મોલમાં વસ્તુઓ લેવા જઈએ, તો અત્યારે રોકડા પૈસાનો જમાનો જતો રહ્યો છે, ક્રૅડિટ કાર્ડ ચાલે. અને કાઉન્ટર પર આપણે ખરીદેલી આઇટમ્સ માટે ક્રૅડિટ કાર્ડ આપવાનું એટલે જેટલી આઇટમ્સ હોય એ પ્રમાણે ક્રૅડિટ કાર્ડ દ્વારા આપણી બૅન્કમાંથી એના ખાતામાં પૈસા જમા થઈ જાય, આપણને ખબર પણ ના પડે અને બૅન્કમાંથી પૈસા ટ્રાન્સફર થયા કરે. હવે જેને ખબર ના પડતી હોય તે વિચારે કે, આ તો સારું કહેવાય, ક્રૅડિટ કાર્ડ વાપર્યા જ કરાય. પણ પછી બૅલેન્સ ઝીરો થઈ જાય એટલે ક્રૅડિટ કાર્ડથી તેને એકેય વસ્તુ ના મળે, મોલની બહાર કાઢી મૂકે. એમ, આપણે કમાયા છીએ પણ કોઈની પણ નિંદા કરીએ એટલે તમારું એક અશ્વમેધ યજ્ઞનું પુણ્ય જેની નિંદા કરીએ એના ખાતામાં જતું રહ્યું, યાદ રાખો ! કોઈને વિશે અમહિમા, ભાવફેરની વાત કરશો એટલે ભગવાનના કૉમ્પ્યુટરમાં એક અશ્વમેધ યજ્ઞનું પુણ્ય જતું રહેશે. હવે એવું ના કરવું હોય તો ગુણગાન ને મહિમા ગાવ. અહોહો, આ ભક્તોનાં દર્શન થયાં ! આટલા બધા ભક્તો આવ્યા ! આ ભક્તોએ રસ્તામાં બધાંને કેટલો સરસ ચા-પાણી-નાસ્તો કરાવ્યો ! આવી વાતો કર્યા જ કરો, કર્યા જ કરો તો તમે જે પુણ્ય કમાયા છો તે ડબલ થશે. અને એનો શો ઉપયોગ થશે ? તો આપણે અનંત જન્મોથી જે દેહભાવ લઈને ફરીએ છીએ, હઠ-માન-ઈર્ષ્યાના ભાવો, કામ-ક્રોધાદિક દોષો, અહંકારને લઈને જે દુઃખી થઈએ છીએ એ આ પુણ્યના પ્રતાપે કયે વખતે ખંખેરાઈ જશે તેની ખબર પણ નહીં પડે અને સુખિયા સુખિયા બની રહીશું. આપણે પુણ્યનો ઉપયોગ એવો કરવો છે. એટલે ખાસ આજે સંકલ્પ કરીને જઈએ.

અક્ષરધામમાં યુવાનોએ કેટલું સરસ કામ કર્યું ! વર્તન વાતો કરે છે. જે જીવન જીવે છે એનો પ્રભાવ પડે જ. શ્રેયસની આજે વાત કરી. એ અમારા સંતોમાં ભલે ઉંમરમાં નાનો છે, પણ નાના-મોટાનો મેળ નથી. શ્રેયસને કોઈ પણ કંઈ કહે તો કહે, 'હાજી!' અને 'હાજી' કહીને ઊભો ના રહે, તમારું કામ પણ તરત કરી દે. કોઈને એમ ના કહે કે, તમારે આની શી જરૂર છે ? એવું કાંઈ કરવાનું નહીં, બસ હાજી ! કહીને બધાની સેવા કરવાની. કોઈનાય દોષ જોયા વગર નિર્દોષભાવે, ભગવાન ને ભગવાનના સંતો-ભક્તોની સેવા કરવી એ સર્વોપરી સેવા ! એના પરિણામે તમારા જીવનનો પ્રભાવ ઊભો થાય છે.

અમારો જય પણ એવો સાધુ છે. એની મમ્મીને ભાવ કે, મારો એકનો એક દીકરો છે, એને સાધુ બનાવો. જય અહીં આવે અને એને પૂછીએ કે, 'તારે સાધુ થવું છે ?' તો કહે, 'ના. મારે પરણવું છે.' એની મમ્મી મોકલે અને આ ના પાડે. પછી મેં એની મમ્મીને કહ્યું, 'તું જીદ મૂકી દે અને માળા કર.' એટલે એની મમ્મીએ માળા કરી. આ દીકરાને એમ કે, બધાં ભેગાં થઈને મને સાધુ બનાવી દેશે એટલે એ બ્રહ્મજ્યોતિ છોડી, અમદાવાદ જઈ નોકરીએ લાગી ગયો. ૨૦૨૦માં કોરોનાના લોકડાઉનમાં એની નોકરી છૂટી ગઈ, એટલે પાછો બ્રહ્મજ્યોતિ આવ્યો. લોકડાઉનમાં આપણા ગૅસ્ટહાઉસમાં આઇસોલેશનમાં રાખેલા બધા સંતો-ભક્તોની સેવા માટે જયને શ્રેયસની સાથે સેવામાં મોકલ્યો. ત્રણ-ચાર મહિના સેવાઓ ચાલી. એ સેવા પૂરી થઈ એટલે જય પાછો અમારા 'ઉપાસના' હાઉસની સેવામાં આવ્યો. મારી સાથે વાત થઈ ત્યારે એ કહે, 'મારે હવે સાધુ થવું છે.' એણે સામેથી કહ્યું. મેં પૂછ્યું, 'કેમ ?' ત્યારે કહે, 'શ્રેયસભાઈ જોડે મેં સેવા કરી, શ્રેયસભાઈનું મેં જીવન જોયું તો મને થયું કે, આવા સાધુ તો મારે થવું જ છે.' તો વ્રત લઈને એ દીકરો સાધુ થયો. શ્રેયસે શો ઉપદેશ કર્યો ? પણ એનું

> કોઈનાય દોષ જોયા વગર નિર્દોષભાવે,
> ભગવાન ને ભગવાનના સંતો-ભક્તોની
> સેવા કરવી એ સર્વોપરી સેવા !





**આપણને પ્રભુએ જે બધું આપ્યું છે, એ પ્રભુના અર્થે વાપરવું છે, અને પ્રભુને સમર્પિત થવું છે, એ આપણી ભક્તિ છે.**

જીવન ને ભગવાનને રાજી કરવા માટે તેની સમગ્ર ટૅલેન્ટ નિઃસ્વાર્થભાવે સેવામાં વાપરે છે એનો જ પ્રભાવ !

ભગવાનને રાજી કરવા માટે યોગીજી મહારાજે અમને કહ્યું કે, 'તમને સાધુ બનાવવા છે, સંસારમાં જવા દેવા નથી પણ ભગવાં કપડાંવાળા સાધુ નહીં.' પછી શર્ટ પકડીને કહે, 'આ જ કપડે તમને સાધુ બનાવવા છે. તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' ભગવાં હૃદયવાળા સાધુ એ આ ! જેમના જીવનના વર્તનનો પ્રભાવ યુવાનો-યુવતીઓ ઉપર પડે એવા સાધુ બનાવવાનો નવો જ માર્ગ યોગીજી મહારાજે કર્યો અને એમાંથી અનુપમ મિશનનું સર્જન થયું. એ અનુપમ મિશનના સંતો સાથે આ વિન્ટર રિટ્રીટમાં જોડાયેલા પરદેશના યુવાનો, અહીંના બધા યુવાનો-વલ્લભવિદ્યાનગર ગુરુસભાના એકલા નહીં, બધે થતી અઠવાડિક સત્સંગસભાના યુવાનો. પચ્ચીસ વર્ષ પહેલાં વલ્લભવિદ્યાનગરની ગુરુવારની સભામાં યુવાનો આવતા હતા, હવે આખું ગુજરાત જોડાયું છે. મુંબઈથી માણાવદર અને કચ્છ સુધીના ગુજરાતભરના બધા યુવાનો આવ્યા છે. ઘણા યુવાનો ગૃહસ્થ થતાં પહેલાં એકલા આવતા હતા, હવે ઘરવાળાંને લઈને આવ્યા છે. આમ, આખા સમાજના યુવાનો આવ્યા છે. નવસો ઉપરાંત ભક્તો પદયાત્રા કરીને આવ્યા છે. આશિષમંડળ અને બીજાં ગાડી-વાહનોમાં આવ્યાં એ જુદાં ! પણ આટલી મોટી સંખ્યામાં અક્ષરધામ ઊભું થયું છે. આપણે અહીં મહાતીર્થમાં આવ્યાં છીએ, અક્ષરધામમાં બેઠાં છીએ તો હવે સંકલ્પ-પ્રાર્થના કરીએ. શ્રી હરિકૃષ્ણ મહારાજ આપણી પાસે શું માગે ? એમના થઈને જીવવું છે. એમની સુવાસ પ્રસરે, એમનો મહિમા વધે એવાં આપણાં વિચાર, વાણી ને વર્તન બની જાય એવા આપણે સંકલ્પ કરવા છે. અને એ આપણી એમના તરફથી ભક્તિ છે. આપણને પ્રભુએ જે બધું આપ્યું છે, એ પ્રભુના અર્થે વાપરવું છે, અને પ્રભુને સમર્પિત થવું છે, એ આપણી ભક્તિ છે. તો આજે આ અક્ષરધામમાં-પ્રભુના ધામમાં આપણે સંકલ્પ કરીએ.

અંગ્રેજી કૅલેન્ડર પ્રમાણે આજે ૩૧ ડિસેમ્બર એટલે ઇંગ્લિશ કૅલેન્ડર પ્રમાણે દિવાળીનું પર્વ ! આજે શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ઘોષ થયો હતો. આવતી કાલે ૧લી જાન્યુઆરીએ ન્યૂ ઈયર થશે. ૨૦૨૪નું નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે. નવા વર્ષે આપણું જીવન નવું નવું બની રહે અને હૈયામાં નવીન આનંદ, નવું સુખ, નવી ભક્તિ પ્રગટતી રહે એના માટે સંકલ્પ કરીને જઈએ. વર્ષના છેલ્લા દિવસે આજે આ વડતાલ ધામમાં આવીને સંકલ્પ કરીએ છીએ કે, અત્યાર સુધી ભૂતકાળમાં અમારાથી આપ રાજી ના થાવ એવું જે કંઈ બોલાયું હોય, વર્તાયું હોય, જિવાયું હોય, જોવાયું હોય તો એ બધું હે પ્રભુ, માફ કરજો ! નવા વર્ષથી તમે રાજી થાવ એવું જીવન જીવવાનો અમે સંકલ્પ કરીએ છીએ. તો જેમ બોલાવું તેમ બધાં બોલજો :

**"હે શ્રી હરિકૃષ્ણ મહારાજ ! હે અક્ષરપુરુષોત્તમ મહારાજ ! હે ભગતજી મહારાજ ! હે જાગા સ્વામીજી ! હે કૃષ્ણજી અદા ! હે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ! હે ગુરુદેવ યોગીજી મહારાજ ! હે કાકાજી-હે પપ્પાજી ! હે ગુરુદેવ પ્રમુખ સ્વામીજી મહારાજ ! હે ગુરુદેવ મહંત સ્વામી મહારાજ ! હે ગુરુદેવ હરિપ્રસાદ સ્વામીજી-હે ગુરુજી ! હે ગુરુ આચાર્ય મહારાજ ! હે પ્રભુનાં સાકાર દિવ્ય સંત સ્વરૂપો !**

**આજે, અમો સૌ પદયાત્રીઓ અને સાથે જે પણ આવ્યાં છે એ સૌ સંકલ્પ કરીએ છીએ કે, હે પ્રભુ ! આપ ઉદાર છો, દયાળુ છો, કૃપાળુ છો, અધમોદ્ધારણ છો, પતિત પાવન છો; તો અમારી પ્રાર્થના છે કે, અમારાંથી ૨૦૨૩ના વર્ષમાં આપ રાજી ના થાવ એવું બોલાયું હોય, વર્તાયું હોય, દેખાયું હોય, તો હે પ્રભુ ! અમારી ગદ્‌ગદ કંઠે આપના ચરણોમાં પ્રાર્થના છે કે, ઉદાર દિલે અમને સૌને માફ કરજો. અને નવા વર્ષે એ ભૂલ રિપીટ ના કરીએ એવી જાગ્રતતા સાથે વર્તવાનું બળ આપશો.**

**નવા વર્ષે અમે સૌ સંકલ્પ કરીએ છીએ કે, રોજ આપની મૂર્તિઓ સમક્ષ પૂજા કરીશું. રોજ ૧૧ કે ૨૫ માળા ફેરવીશું. અડધો કલાક 'શ્રી**

સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીશું. અઠવાડિક સત્સંગસભામાં અડધો કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીશું. અઠવાડિક સત્સંગસભા જ્યાં પણ થતી હોય ત્યાં જઈશું, અને ના થતી હોય તો અમારા ઘરેથી શરૂ કરીશું.

કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ જગ્યાએ ગમે એટલો નફો થતો હોય, ગમે એટલી માન-મોટપ મળે તો પણ કોઈનાય ભાવફેરની, અભાવની, માથાકૂટની, ક્રિયાની, ટીકાટિપ્પણીની વાતોમાં ના પડીએ એવી અમારી સર્વ પ્રકારે રક્ષા કરજો.

અમે સૌ ખેતી કરતા હોઈએ, ઉદ્યોગ ચલાવતા હોઈએ, નોકરી કરતા હોઈએ, એ સૌ આપે 'શિક્ષાપત્રી'માં લખ્યું છે એ પ્રમાણે અમારી કમાણીનો, નફાનો, દસમો ભાગ-દશ ટકા આપની સેવામાં અર્પણ કરીશું. આપ આપનારા છો, આપે આપેલું છે, અને આપને સમર્પિત કરવામાં અમને હૈયામાં સદાય ઉત્સાહ-ઉમળકો વધતો જ રહે એવું બળ આપજો.

જ્યાં છીએ ત્યાં – ઘરમાં, ઘરનાં પાત્રો સાથે, મંડળમાં, મંડળના સભ્યો સાથે અને સમગ્ર સત્સંગના સર્વ મુક્તો સાથે સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળીને, નિર્દોષભાવે યુક્ત સંતો-ભક્તોની સેવા કરી આપની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની જ્યારે પણ તક મળે ત્યારે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરીએ એવું બળ આપજો.

આપ સદાય અંતરથી રાજી રહો એવાં અમારાં વિચાર, વાણી વર્તન બની રહો. આપની સુવાસ પ્રસરે, આપનું ગૌરવ વધે એવાં અમ સૌને બનાવો એવા આજના મંગલકારી દિવસની – ૩૧મી ડિસેમ્બર – 'ૐ શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રાગટ્યપર્વની સાક્ષાત્ વડતાલ ધામના શ્રી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં સંકલ્પ કરી પ્રાર્થનાઓ કરીએ છીએ અને 'ૐ શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીએ છીએ!

ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..."

૨૦૨૪નું વર્ષ ખૂબ સરસ નવો સંદેશ લઈને આવે છે. વર્ષોથી આપણાં હિન્દુઓનું જે તીર્થસ્થાન એવા અયોધ્યામાં ૨૨મી જાન્યુઆરીએ શ્રી રામચંદ્ર ભગવાન બિરાજિત થઈ રહ્યા છે. આપણા માનનીય લોકલાડીલા નેતા નરેન્દ્રભાઈની ભાવના છે કે આપણા ઘરમાં, આપણી શેરીમાં, આપણા વિસ્તારમાં દિવાળી જેવો માહોલ ઊભો કરવો. તો આપણા અહીં પધારેલા સૌ ભક્તો જ્યાં હોઈએ ત્યાં દીવડાઓ કરજો. નાચ-ગાન-નૃત્ય કરીને આપણે એની ઉજવણી કરવી છે. આસુરી શક્તિ પર વિજયનો આ દિવસ છે.

૫૦૦-૫૦૦ વર્ષથી બધા સાધુ-સંતોએ દાખડો કર્યો છે. આપણા યોગીબાપા, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, કાકાજી, પપ્પાજી અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, શાંતિભાઈ, અશ્વિનભાઈ, બધાએ ઈંટોનાં પૂજન કરીને અયોધ્યા ઈંટો મોકલાવી છે.

કેટલી બધી લડત! કારસેવકોની કેટલી બધી આહુતિઓ અપાઈ છે! લાખો સંતોએ પ્રાર્થનાઓ કરી છે! અને ખરેખર નરેન્દ્રભાઈને આપણે જશ આપવો જોઈએ કે, એમણે એના માટે ખૂબ ધગશથી, ઉત્સાહથી, ઉમંગથી કામ કર્યું છે! દાનવીરોને પણ ધન્યવાદ! આપણા તીર્થસ્થાનને શોભે એવું અદ્ભુત તીર્થસ્થાન તૈયાર કર્યું છે. ૨૨મી જાન્યુઆરીએ મંદિરમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થાય છે. આપણો સમગ્ર હિન્દુ સમાજ, જે વિશ્વમાં ફેલાયેલો છે એ સૌ માટે ૨૨મી જાન્યુઆરી એ ખરેખર ગૌરવનો દિવસ છે. એટલે એ દિવસે સ્પેશ્યલ બધાં ભેગાં થઈને ઉજવણી કરીશું. દિવાળી પર્વ ઉપર નવી નવી રસોઈ બનાવીને ખાવ છો એમ બનાવજો અને એનો આનંદ કરજો એવી સૌને પ્રાર્થના!

જય શ્રી સ્વામિનારાયણ! ◆

હે પ્રભુ!
અમે રોજ આપની મૂર્તિ સમક્ષ પૂજા કરીશું.
રોજ ૧૧ કે ૨૫ માળા ફેરવીશું.
અડધો કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીશું.
અઠવાડિક સત્સંગસભા જ્યાં પણ થતી હોય ત્યાં જઈશું,







સ્વામિશ્રીજી

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

## શિક્ષાપત્રી...



શ્રીજીએ આપેલી ઉપદેશિકા
જીવનમાં અનુસરવાનું શાસ્ત્ર
સંસારમાં સુખી રહેવા અનિવાર્ય
સાધક માટે સાધનાની દર્શિકા
સાંપ્રતકાળે જેટલી જરૂર તેટલી જ અનંતકાળ સુધી
પ્રત્યેક માનવને માનવ બનાવે
માનવમાંથી મહામાનવ પણ એ જ બનાવે
દેહની શુદ્ધિ વિચારની શુદ્ધિ
આચાર ને વ્યવહારની શુદ્ધિ
આત્માની શુદ્ધિ કરાવી
પરમાતમ સાથે અદ્વૈત સધાવે
મોક્ષકારી અને સુખકારી
શાસ્ત્રમાત્રનું દોહન છે
નાનો પણ મહાન ગ્રંથ છે.
શ્રીજીએ સ્વહસ્તે લખી
આશ્રિતોને ધરી
મારો આશ્રિત જે છે તે સૌ અનુસરે
તેવી આજ્ઞા કરી.



હે શ્રીજી મહારાજ !
આપે આપેલી સાધના માટેની આ પત્રી
તેના શબ્દેશબ્દને અનુસરી,
તે અનુસાર જીવન જીવી
આપની કૃપા સંપાદન કરી
અક્ષરરૂપ બનવા અમ સૌને શક્તિ આપો !



**વસંતપંચમી, બોટાદ, ૧૧.૨.૯૭**

## હે શાસ્ત્રીજી મહારાજ !

ભગવાન સ્વામિનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ
પ્રગટ થયા ને અતિ પ્રતાપ બતાવ્યો
પુણ્યશાળી આત્માઓએ સ્વીકાર કર્યો
તેઓશ્રીએ 'વચનામૃત'માં સંતને મોક્ષનું દ્વાર બતાવ્યા
તે સંત ગુણાતીત... અનાદિ અક્ષરબ્રહ્મ
તેઓના સમાગમે શ્રીજી ઓળખાય ને કલ્યાણ થાય
તે અખંડ પ્રત્યક્ષ અને પ્રગટ સત્પુરુષ દ્વારા
તે સ્વીકાર કરવાનું અતિ કઠિન લાગ્યું
ગુણાતીત... ભગતજી... જાગા સ્વામીનો સ્વીકાર ન થયો
થોડા, જેઓએ સ્વીકાર્યા તે પામી ગયા
આપે અનુગ્રહ કર્યો ને ગુણાતીત ઓળખાવ્યા
તેવા ગુણાતીત સંત મોક્ષ કરે તે પ્રસ્થાપિત કર્યું
તેવા સંતના અનુગ્રહે જ શ્રીજી ઓળખાય
તેવા સંતની કૃપાએ 'સ્વ'નું દર્શન થાય
તેવા સંતના અનુગ્રહે 'સ્વ' રહિત થવાય
તેવા સંતની કૃપાએ જ રોમ રોમ પ્રભુ બિરાજે
તેવા સંત બ્રહ્મરૂપ કરે... બ્રહ્મસ્વરૂપ ઘડે
આ જ્ઞાન આપે દિવ્ય આત્માઓમાં પ્રકાશિત કર્યું
તે જ્ઞાને જીવતા કર્યા પ્રભુપરમને ધારતા કર્યા
ગુણાતીત અવસ્થાને પ્રગટ અને પ્રત્યક્ષ કરી સમજાવી
પુણ્યશાળી દિવ્ય આત્માઓ, એ સૌ જ્ઞાન જીવતા થયા
શ્રીજીનું પ્રાગટ્ય... ગુણાતીત સત્પુરુષમાં પ્રગટ
તે શાશ્વત સદાકાળ તેનો સ્વીકાર થયો
તે સૌનાં અંતર શુદ્ધ થયાં... તેજોમય થયાં
પરમ જ્ઞાનનો સાક્ષાત્કાર થયો સહજાનંદી થયાં
હે દયાળુ !
આપનો અનુગ્રહ કૃપા-ગુણાતીતનો સંબંધ શાશ્વત
યોગીબાપામાં અમને મનાયો ને સ્થિર થયો
સાહેબજીમાં પૂર્ણપણે સ્વીકારાયો... સુખી થયા
સાહેબજી 'સર્વ સુહૃદ' સોપાને... તે સૌમાં સ્થાપો
તે સુહૃદ પ્રાર્થના !



**શાસ્ત્રીજી મહારાજ જયંતી, વસંતપંચમી, ૪.૨.૨૦૧૪**

સાધુ જ્ઞાનજીવનદાસના જય સ્વામિનારાયણ.



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા
શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, શ્રી વડતાલ ધામ,
'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર' ઉદ્‌ઘોષ દિન, ૩૧ ડિસેમ્બર ૨૦૨૩

**બ્રહ્માનંદ સ્વામીનું** પદ ગાયું એમાં એક શબ્દ બહુ મહત્ત્વનો, અગત્યનો આવ્યો – પ્રગટની નિષ્ઠા, શ્રદ્ધા ને ભક્તિનો. બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજને એમ કહે છે કે, 'મને અવર આશરો નથી.' શબ્દપ્રયોગ છે 'અવર' – અવર એટલે બીજો. એટલે જે છો તે તમે જ છો, જે ગણો એ તમે જ છો મહારાજ, બીજો આશરો નથી. બ્રહ્માનંદ સ્વામીના જીવનના આવા અનેક પ્રસંગો આપણને ખબર છે, એવા બ્રહ્માનંદ સ્વામીની તપોભૂમિ, કર્મભૂમિનું આ વડતાલ ધામ. એમાં પણ પંચ ભાવને જોડીએ છીએ. સૌથી પહેલો મંત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણે રામાનંદ સ્વામીના સ્વધામગમન પછીથી પોતાના આશ્રિત ભક્તોને જપવા માટે આપ્યો, એ મંત્ર 'ૐ શ્રી સ્વામિનારાયણ'; આ નામથી તેઓ પોતે પણ 'શ્રી સ્વામિનારાયણ ભગવાન' તરીકે પ્રખ્યાત થયા. અને એ મંત્રને જપનારાં આપણે બધાં પણ સમાજમાં 'સ્વામિનારાયણનાં સત્સંગી' તરીકે ઓળખાતાં થયાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે 'હું મારી મૂર્તિ દ્વારા, મારા શાસ્ત્ર દ્વારા અને મારા સંત દ્વારા સદાય પ્રગટ રહીશ' – એવા જે આશીર્વાદ આપ્યા એ આશીર્વાદની ફળશ્રુતિ સ્વરૂપે બ્રહ્માનંદ સ્વામીએ અહીંયાં ચરોતર પ્રદેશની સમૃદ્ધિને શોભે તેવું મંદિર રચીને અને વર્તમાનકાળે તો સોનાનાં શિખરોથી મઢાયેલું એ મંદિર આપણને પ્રભુનો દૃઢ આશરો અને એમના પ્રત્યેની ભક્તિ અદા કરવાનું સ્થાન છે.

આપણી આ પદયાત્રા આપણા જીવન-પરિવર્તનની યાત્રા બની રહે, આપણી જીવનયાત્રામાં પરિવર્તન આવે એવા અદ્‌ભુત દૃષ્ટાંતરૂપ વડતાલ ગામના જોબન પગી – જોબન વડતાલો – વડતાલ ગામનું નામ જેમના કામ સાથે જોડાયું હતું એવા જોબન પગી; જેઓ ગાયકવાડ સરકારના રૅવન્યૂ ખજાનાને લૂંટવાનું અદ્‌ભુત સાહસ કરતા, તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત બન્યા ને એમના જીવનમાં પરિવર્તન આવ્યું. બહુ મહત્ત્વની બાબત એ કે, એવા પ્રભુના ધારક સંતની સાથે, પ્રભુના અવતાર સાથે, પ્રભુના રૂપ-સ્વરૂપની સાથે એમને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એટલે જોબન પગી ભગવાનને વચનથી બાંધે છે કે, 'હવે હું તમારો થયો, તમે મારા થયા તો તમારે મારા ગામમાં જ રહેવાનું.' આ ગામમાં પ્રસાદીની જોબન વડતાલાની મેડી છે, જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે મુકામ કર્યો છે, નિવાસ કર્યો છે; એ મેડીને 'જોબન પગીની મેડી' કહેવામાં આવે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને તો 'જે ભજે તે સૌનાય ભગવાન !' 'જે સ્વામિનારાયણ મંત્ર જપે તે સૌનાય સહજાનંદ !' એ પ્રમાણે પ્રેમી ભક્ત જોબન પગીને સમજાવીને વાત કરી કે, 'હું વિચરણ કરતો રહીશ, પણ મારી મૂર્તિ હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે આ મંદિરમાં સ્થાપિત કરીશ.' જેનાં આજે આપણે સૌએ શ્રદ્ધા-ભક્તિથી દર્શન કર્યાં.

વડતાલ મંદિરે દર પૂનમે અને દરેક ઉત્સવે હજારોની સંખ્યામાં આવતા ભક્તો એક અને એકમાત્ર આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ અને આશરાના ભાવથી શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવા આવે છે. એટલે આ ધામમાં 'હરિકૃષ્ણ મહારાજની જય !' વિશેષ સ્વરૂપે બોલાય છે. સંપ્રદાયની રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાને જે બે ગાદીઓનું સ્થાપન કર્યું, એમાંની એક આ 'લક્ષ્મીનારાયણ દેવની ગાદી' અને રઘુવીરજી મહારાજ પ્રથમ આચાર્ય તરીકે અહીંયાં બિરાજમાન થયા એવું આ શુભ સ્થાન, એ વડતાલનું માહાત્મ્ય છે !

મંત્ર, શાસ્ત્ર, મંદિર અને મૂર્તિ. મંદિરમાં બિરાજમાન મૂર્તિ અને મૂર્તિને ધારીને સદાય રહેલી એવી મનુષ્યમૂર્તિ ! કારણ કે, જ્યારે જોબન પગીને આશીર્વાદ સ્વરૂપે સ્વામિનારાયણ ભગવાને એમ કહ્યું કે, 'મારું સ્વરૂપ હું અહીંયાં સ્થાપીશ' ત્યારે તે સમયના કેટલાક સંતો અને ભક્તોને પણ મનુષ્યભાવ આવ્યો અને એમ કહ્યું કે, 'મહારાજ, આપ હયાત છો ત્યારે આપની મૂર્તિ મંદિરમાં પધરાવાય નહીં.' આપણે ભાગ્યશાળી છીએ કે, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની કૃપાને પરિણામે આપણે સદા દિવ્ય સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસનાને હજુ તો સમજતાં થયાં છીએ. ત્યારે પ્રભુએ એ મૂર્તિને 'હરિકૃષ્ણ' નામ આપીને 'રાધાકૃષ્ણ' દેવની બાજુમાં પધરાવી, જે ડાબા હાથના ગોખમાં પ્રથમ મૂર્તિ છે. એ હરિકૃષ્ણ મહારાજને ધરાવેલો હાર પૂજારી મહારાજે ગુરુહરિ સાહેબદાદાને અર્પણ કર્યો; એ ભગવાનનો ભગવાનથી મિલાપ ! અને એ હાર, આ પચ્ચીસમી પદયાત્રા માટે જેમણે પરિશ્રમ અને ભક્તિ અદા કરી છે ને જેમનો આજે પ્રાગટ્યદિન છે એવા સાધુ શ્રેયસદાસજીને ગુરુહરિ સાહેબદાદાએ આશીર્વાદ રૂપે અર્પણ કર્યો એ બહુ ધન્ય ઘડી છે અને આપણાં સર્વને માટે અત્યંત આનંદની વાત છે ! સાહેબદાદાએ એ માળા જ્યારે શ્રેયસદાસજીને આરોપી ત્યારે સૂચના આપી કે, 'આ હરિકૃષ્ણ મહારાજની પ્રસાદીનો હાર છે, એની સઘળી પુષ્પ પાંખડીઓને સંભાળપૂર્વક સૂકવીને સાથે રાખજો.' જે 'ન અવર આશરો' – મને અન્ય કોઈનો આશરો નથી પ્રભુ, મને એક તારો જ આશરો છે, ગુરુ, એક તારો જ આશરો છે ! અને તારાં જ નામસ્મરણ અને સ્મૃતિ સહિત હું મારા જીવનમાં આ ભાથું બાંધું છું, ગાંઠ વાળું છું, અને નિષ્ઠાની, નિશ્ચયની પાકી ખાતરી કરું છું એવા રૂડા આશીર્વાદ આપ્યા.

ભગવાનના ભક્તોનું અને સંબંધનું કેટલું માહાત્મ્ય છે, એ વાત ગુરુહરિ સાહેબદાદાએ સમજાવી છે. 'પ્રસાદીનો લીમડો' સ્વભાવ અને પ્રકૃતિથી વનસ્પતિ તરીકે લીમડો એ લીમડો જ રહ્યો, પણ પરમેશ્વર પ્રભુ સ્વામિનારાયણ એના હેઠળ બિરાજમાન થયા એટલે પ્રસાદીના વૃક્ષનો મહિમા વધ્યો. લોકો એનાં દર્શન કરે, એ વૃક્ષની છાલ–પાંદડાંને પ્રસાદી તરીકે સાથે લઈ જાય ને સંઘરે, પોતાનાં દુઃખ–દર્દને મિટાવવા માટે દવા તરીકે એનો ઉપયોગ કરે એટલું એના સંબંધનું માહાત્મ્ય છે. એવા ભગવાનના ભક્તોનું માહાત્મ્ય પણ એમનાં સ્વભાવ, પ્રકૃતિ, આકૃતિ કે વર્તન જોયાં વગર એમનો ગુરુ સાથેનો સંબંધ, એમનો પ્રભુ સાથેનો સંબંધ એ જ મુખ્ય અને મહત્ત્વનો માનીને આપણે સર્વની નિર્દોષબુદ્ધિ રાખી, માહાત્મ્યથી આપણા ભાગે આવતી સેવા કરી લઈએ એ જ આ જીવનનું સાચું ભાથું છે. અને ડગલે ડગલે ભેગું થયેલું અશ્વમેધ યજ્ઞના પુણ્યને સંઘરી રાખવાનું સુપાત્ર બનવા માટેનું ઠેકાણું છે.

રસ્તે ટી–કેન્ટીન પર ભક્તોએ ગુરુહરિ સાહેબદાદાનું, સંતોનું અને સર્વ પદયાત્રીઓનું સ્વાગત, સન્માન કરીને એમની સરભરા કરી. એનો રાજીપો ગુરુહરિ સાહેબદાદાએ પોતે ત્યાં વિરામ કરીને, એ ભક્તોની સેવાને બિરદાવીને એમને રૂડા આશીર્વાદ આપ્યા અને દૃઢાવ કરાવ્યો કે, 'આજે જે પુણ્ય કમાયાં છીએ કે પુણ્ય કમાવાનો જે માર્ગ છે એ નિર્દોષબુદ્ધિ રાખી, સંબંધનું માહાત્મ્ય સમજીને હાલાપોલા, નાના–મોટા ભક્તોની કોઈ પણ પ્રકારની વિક્તિ કર્યા વગર સ્વધર્મેયુક્ત આપણા ભાગે આવતી સેવા કરી લઈએ.' આપણે માહાત્મ્યનો વધારો કરીએ, આપણી ભક્તિમાં વધારો કરીએ તો ગુરુની અને પ્રભુની આપણને અઢળક પ્રસન્નતા પ્રાપ્ત થાય એવો આ પંચમ ઉત્સવ છે. એમાં અતિશય અને મહત્ત્વની બાબત છે – એવા પ્રગટ સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થવી.

મંત્ર છે, મંદિર છે, મૂર્તિ છે, અને એની સાથે એને ધારક એવા પ્રગટ સત્પુરુષ છે. શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાના સિદ્ધાંત પ્રમાણે શ્રી અક્ષર અને પુરુષોત્તમના પરમ તત્ત્વને ધારક એવા જે સાધુ, સંત, મનુષ્ય–આકૃતિ પ્રગટ સ્વરૂપ આપણને પ્રાપ્ત થયું છે તેમના વિશેનો દિવ્યભાવ દિન–પ્રતિદિન આપણને વધતો જાય અને એના પરિણામે એમના સંબંધવાળા સર્વ ભક્તોની નિર્દોષબુદ્ધિ રાખીને સેવા–ભક્તિ, પરિચર્યા કરવાનો ભક્તિભાવ પણ આપણા હૃદયને વિશે વધતો જાય તેવી આ પંચમ ઉત્સવે ભગવાન શ્રી સ્વામિનારાયણની આ પુનિત ભૂમિ પર પ્રાર્થના–સંકલ્પ છે ! બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના શબ્દપ્રયોગ પ્રમાણે તો ગોકુળ, વૃંદાવનની રમણરેતી જેવી આ પવિત્ર ભૂમિ, જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે બાજુના આ ગોમતી તળાવમાં–સરોવરમાં સંતો, પરમહંસો સાથે સ્નાન કર્યાં છે, આ મંદિર નિર્માણમાં શ્રમદાન કર્યાં છે અને આપણને સૌને મંદિર, મૂર્તિ, શાસ્ત્ર, મંત્ર અને એ મંત્રને સાકાર કરનારા પ્રગટ સત્પુરુષ સાથે જોડ્યા છે. એવા આ ધન્ય વડતાલ ધામમાં આપણે પધાર્યાં, આપણે ધન્ય થઈ ગયાં !

૨૦૨૪ના વર્ષનો કાલે પ્રથમ દિવસ છે. 'Think Positive' – હંમેશાં સવળું લો. જે ગયું એ ગયું અને છેલ્લું છે એમ નહીં, પણ નવું આવી રહ્યું છે અને ઘણું જીવવાનું છે એવી હોંશ અને ઉમંગથી ૨૦૨૪ના વર્ષની આપણે શુભ શરૂઆત ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાસાદિક ભૂમિ વડતાલના આવા શુભ સ્થાનમાં આપણને પ્રાપ્ત થયેલી દિવ્ય મૂર્તિ – પ્રગટ ગુરુહરિ સાહેબદાદાના સાંનિધ્યમાં પંચમ ઉત્સવની, પંચ તત્ત્વની સ્મૃતિ સાથે શુભ શરૂઆત કરીએ છીએ. પ્રભુ આપણને બુદ્ધિ, શક્તિ, ભક્તિ ખૂબ ખૂબ અર્પે ! ગુરુ આપણા ઉપર ખૂબ પ્રસન્નતા વરસાવે તેવી મંગલ પ્રાર્થના ! જય શ્રી સ્વામિનારાયણ ! ◆

Swami Shreeji





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Sant Bhagwant Sahebji's Ashirwad at Shri Yogi Yuva Grishma Shibir**
**25 May 2023, Pragnan Tirth, Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**The** shibir is going so well and today's theme is '*samagam*'. Param Pujya Yogi Bapa used to say, 'the one who likes the *samagam* of God's Santo and devotees, who likes to engage in conversation with them, and who likes to participate in shibirs such as these, is an *Aksharmukt*!' From that standpoint, you are all *aksharmukto*. The distinctive thing about this shibir is that there has been a theme for each day. On the first day, 21st May – was the opening sabha. On the 22nd, it was 'Upasana' day, on the 23rd it was '*Aagna-paalan*' day, yesterday on the 24th it was '*Seva-bhakti*' day and today on the 25th, it is '*Samagam*' day.

What does *samagam* mean? *'Sama'* means time. What is the one thing on earth which once gone can never be retrieved? It is time. Money will come and go, food will come and go, clothes will come and go; but time, once gone, never comes back. While those of us sitting here right now think, what if we were to get our youth back? Would our youth come back to us? Even if we were to spend two to four crores, we would never get that back – once it is gone, it's gone. Therefore, the one who knows how to make the very best use of time – can be described as having '*samagam*'. The one who is able to make the best use of one's time, is one who can attain the unimaginable in his life. All of you who have come here are making the best use of your time, so you are geniuses. You may not even be aware of what you are doing right now.

In our time, during our vacation, when Yogi Bapa would call us – us friends would go and stay in Bapa's seva. In the same way that you have come here, we used to go there and spend our whole vacation with Bapa. Many would laugh at us and say, 'the vacation is to enjoy yourself and you are all going to satsang!'

Then, as time passed, they got married, had children, became fathers. After many years, we met them in England and America, and they said to us, 'You were intelligent and we got the short end of the stick. We didn't do satsang while we were young, and regardless of us coming to America and making money, we did not attain real happiness or fulfilment.'

I went to America for the first time in 1973 with Dadu Kaka. At that time, Vallabh Vidyanagar was a very small town. There were only five colleges – Commerce, Engineering, Arts, Science and a Polytechnic. But we would always do all our events together; we would fight student elections etc. and so our group of friends was very large – and the majority of them went and settled in America. When I got to New York, I phoned up to fifty of them and let them know that there would be a sabha on Sunday in the 'Gita Mandir' and invited them to come. At that time, there were not that many Gujaratis there –

there were only the youths who had gone to study there. My friends said to me, ‘O Jashbhai! We have come to America to earn money. If it was satsang we wanted to do, then what was lacking in India that we would have to come here?! If you are going to show us some means or magic by which to get more dollars, then we will come to your sabha.’ Because of our friendship, they would come to see me, but they would not come to the sabha.

My trips to the USA would happen once every two to three years. Once after about ten to twelve years, when we were in New York, I received a call and they asked, ‘where is the sabha going to be held? And at what time?’ Wouldn’t this change seem so surprising? They came to the sabha and then told me what happened. They said, ‘Jashu! When you first came here, all of us were bachelors, we were studying and working hard to earn some money. Then we got married and had children. Now to look after them and keep them on the straight and narrow has been excruciatingly difficult. That is why we thought, the satsang is one medium, through which they will all walk the right path, and so we wish to do satsang.’ Just think about this! Two engineers from Germany had come to India and they visited Brahmajyoti. They sat in one of our youth sabhas and then said, ‘these youths are a miracle!’ So I asked, ‘why?’ They said, ‘In Germany, no youths would sit like this for two hours. It is amazing that here they are sitting so peacefully.’ I said to them, ‘the credit for this lies in *samagam*.’ To have the *‘sang’* or the association of God and Satpurush is *samagam*!

If someone were to ask, ‘what does it mean to have *samagam*?’ Then you should say, ‘to be connected to the mandir, to Sadhu and Santo is *samagam*! To pray to God is *samagam*! To go to weekly satsang-sabha is *samagam*!’ But one needs to take training for this. That training – to sit peacefully, to listen to discourse, is what you have gained over these five days. Here there is discourse, *samagam*, the opportunity to do seva with team-spirit, serve food, clean etc. – you get all of these types of training.

Our whole body – consists of parts – our head, eyes, ears, legs; what harmony there is between them! Right now, if someone senior was to come, we would place a garland around their neck, and honour them by performing *poojan* to their forehead with sandalwood paste. So do the legs ever say, ‘It is me that has brought you all this way, and you are wearing the garland?’ Do the legs ever quarrel with the neck? The hands and legs carry out whichever work is assigned to them with such team-spirit, and so we are able to live peacefully. Otherwise, what state would we be reduced to if the eyes, ears, legs etc. were always fighting with each other? But there is a harmony. That is why Yogi Bapa used to say, ‘According to time and circumstance, to work together in a spirit of oneness, can also be called *samagam*.’

You are all so very fortunate! Special congratulations to your parents, that you were born in that home and that they joined you to satsang! Congratulations to those friends who have brought you here! You have received wonderful training here, and we want to safeguard this even when we return home. Make the resolution that once you return home, you will not engage with any negative company. If your friends are engaging in vice, then tell them clearly, ‘if you want my friendship, then let go of your vice.’ So do not engage with bad company. If we engage with negative company, then it is our boat that sinks. When a rocket is launched and it leaves the earth’s atmosphere, it travels at a speed of 25,000 km. In such a short space of time, it travels so far. If that very rocket were to be launched but its angle was changed by just a hair’s breadth, then where would it reach? A rocket that were to land on the moon would be deviated by thousands of miles. Similarly, the smallest ‘*kusang*’ or bad company, can become huge and can change your life completely.

When your parents want to buy you some clothes, you want the best; when it comes to shoes – you want the best, when it comes to your hairstyle, it has to be the best; your tailor – the best, jewellry – you want the best, and yet when it comes to food and drink – third class; your friends – third class; how is this ok? If we go somewhere and we see a *pani-puri* stall, or *pau-bhajee* stall, a *dabeli* stall – we simply smell it and we immediately stand there to eat it. Do you know? The water used by the *pani-puri* stall is unfiltered, has all sorts of masala, additives and colour added to it, and you think that is tasty. But it is poison you are drinking. They use that which is going off or which is stale. The best food is that which is made at home. I say this especially to our daughters – our girls. Your tongue may want such tasty, spicy food... *pani puri, bhel-puri*, *pau-bhajee, dabeli* – and you can see them all standing by the *laari-vala* (street vending carts)! Do not do this. One should not eat from anywhere that is not a known and trusted source – so one should not eat anything from the bazaar.

This body is an invaluable gift from God! Once the body passes away, even if you were to ask for it back, would you get it? No, you would not be able to get it back. Therefore, to keep the body healthy and well is itself an offering of devotion to God! Imagine you were to get the best model motorcycle. The motorcycle takes petrol, but instead you put diesel; the motorcycle would work for a while, but after a short time the piston would get jammed, then you would not be able to repair it and would have to throw it in the rubbish heap. Similarly, our Lord has said no to stuffing this body with tobacco, alcohol, wrong foods. One must not eat *dabeli* etc. from the bazaar, rather make it at home and eat it. If you stuff your body with rubbish, the doctor will say, 'Now your body cannot be repaired, please take it home and lay it on a bed.' That would become the state of the body. Therefore, to look after the body is also an offering of devotion.

My dear sons and daughters, you are in your youth and therefore even if you were to eat stones, you would be able to digest them. God has placed such an amazing machine inside, that you are able to digest anything. However, after the age of forty years, you will feel the effects of what you do now and understand the importance of eating well. Then you will feel, we stuffed ourselves with anything and everything and have damaged the amazing body that God has given us. But what is the use of crying then?

Many boys say, we didn't read at the time of our exams, so we failed. Therefore, recognize time. This is the time of your youth; it is the golden period of your life. Golden means, *'no dharaal* at the front and no *ulaad* at the back.' In the language of farmers in the villages, when sitting in an ox-cart if there is too much weight at the front, the oxen would buckle to the ground (that is called *dharaal*) and if there is too much weight at the back then the cart would overturn (that is called *ulaad*). That means, right now you have no responsibilities as such – you do not have to earn money, you do not have a wife/ husband or children, you do not have to educate anybody, you are not responsible for anybody and you are free to go and do as you please, there is no one to stop you. So there is nothing in front of you or behind you to hold you back. For that reason, if you waste those fifteen to thirty years and do not make the best use of them, then you will never get that time back and you will ultimately suffer. That is especially why we do satsang, so that we may draw strength from God, take guidance of Santo; but recognize time and live accordingly – that is true satsang! To use time in the best way possible is true '*samagam*'! That is why we need to learn how to use time in the best way possible and it is Santo that will teach you this. ◆

**...to be continued in next issue**

# ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટ–૨૦૨૪
## યુવાઓ માટે અદ્‌ભુત સંભારણું

**સંતભગવંત** સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશન દ્વારા દેશમાં અને પરદેશમાં યુવાશિબિરોનાં નિયમિત આયોજન થતાં હોય છે, જેનાં હેતુ યુવાઓના સર્વાંગી ઉત્કર્ષ અને વિકાસનાં હોય છે. વર્ષોથી ચાલતી આ પ્રવૃત્તિને પરિણામે અનેક યુવાઓનાં જીવન સંસ્કારથી સંવર્ધિત થયાં છે અને જીવન ઊજળાં બનાવ્યાં છે. અમૅરિકામાં પ્રતિ વર્ષ ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટ થાય છે. આ વર્ષની શિબિર કયા આધ્યાત્મિક સિદ્ધાંતને કેન્દ્રસ્થાને રાખીને આયોજિત કરીએ ? તે અંગેનું માર્ગદર્શન સંતભગવંત સાહેબજી પાસે યુવાનેતાઓ લેવા ગયા ત્યારે અત્યંત ભાવથી સાહેબદાદાએ જણાવ્યું કે, 'મારી ઈચ્છા છે કે, અમૅરિકા, ઈંગ્લૅન્ડ, કૅનેડા, ઑસ્ટ્રેલિયાનાં સૌ યુવક–યુવતીઓ આ વર્ષે ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટ માટે ભારત પધારે. સૌને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સ્વરૂપોના પ્રસાદીનાં મહાપવિત્ર તીર્થસ્થાનોનાં દર્શન કરવા લઈ જવાં છે, કે જેથી સૌને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સિદ્ધાંત સમજાય !' સૌ યુવાનોએ સંતભગવંત સાહેબજીની આ આજ્ઞાને શિરોધાર્ય ગણી અને ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટનો ૧૫ દિવસનો કાર્યક્રમ ઘડાયો. માત્ર ૧૫ દિવસ માટે પણ વિવિધ દેશોના ૨૦૦ જેટલા યુવાનો રજાઓ લઈ, સ્પેશ્યલ ફ્લાઈટની ટિકિટો લઈને ભારત પધાર્યા. ૨૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે તેઓ સૌનાં ભવ્ય સ્વાગત કરાયાં.

૨૭થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન સૌરાષ્ટ્રનાં તીર્થસ્થાનોનાં દર્શનાર્થે સૌ પધાર્યાં. તેઓને વિશેષ લાભ અને સ્મૃતિ આપવા સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પધાર્યા. સૌરાષ્ટ્રની આ યાત્રામાં સારંગપુર, ગઢડા, ગોંડલ, જૂનાગઢ, માણાવદર, પંચાળા, લોજ, સોમનાથ, કાલવાણી, પીપલાણા, ધારી આદિ તીર્થસ્થાનોનાં સૌ દર્શન પામ્યાં. ગોંડલ મંદિરે સંતો તથા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે સત્સંગસભા યોજાઈ, તે અલૌકિક અને ઐતિહાસિક સ્મૃતિ બની રહી. સંતોએ પરસ્પર પ્રેમ અને આદરભાવ દર્શાવ્યા. ભગવાન અને ગુરુના કાર્યને આગળ વહેતું રાખવાના સૌએ સંકલ્પો કર્યા. આ યાત્રામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સ્વરૂપોના મહાપ્રસાદીનાં તીર્થસ્થાનોનાં પ્રત્યક્ષ દર્શન–અનુભવ મેળવીને, જ્યાં તેઓએ લીલા ચરિત્રો કર્યાં હતાં તેનાં પ્રમાણ મેળવીને સૌ યુવા શિબિરાર્થીઓના હૈયે નિષ્ઠા અને સમજણની અનેરી ગેડ બેસી. આ યાત્રા દરમિયાન સંતો સાથેની ગોષ્ઠિ, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનું સાંનિધ્ય અને તેઓ સાથેની પ્રશ્નોત્તરીએ સૌ યુવાઓને સત્સંગની વિશેષ સ્પષ્ટતા આપી. ૩૦ ડિસેમ્બરના રોજ તેઓ સૌ પરત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યાં. ૩૧ ડિસેમ્બરના રોજ સવારે શ્રી વડતાલ ધામ પદયાત્રામાં જોડાયાં અને સાંજે 'તીરથ' પ્રદર્શનીનાં દર્શન કરી ધન્ય થયાં.

૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સૌ સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યસ્થાન સોખડા મુકામે પધાર્યાં. દર્શન, ધૂન અને પ્રાર્થનાઓ કરી સૌ ગદ્‌ગદિત બન્યાં. આ પવિત્ર સ્થાનનાં દર્શન કરવાનો ઉમંગ સૌને હૈયે ખૂબ હતો તેથી જ નવા વર્ષના આરંભે સોખડા તીર્થસ્થાનનાં દર્શનનું આયોજન થયું. સૌએ હરિધામ મંદિરે શ્રી ઠાકોરજી અને સંતોનાં દર્શન કરવાનો પણ અનેરો આનંદ માણ્યો.

૨થી ૭ જાન્યુઆરી દરમિયાન સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે અયોધ્યા, છપૈયા અને દિલ્હીની



બ્રહ્મજ્યોતિ, મોગરી પર ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટના શુભારંભે દીપપ્રાગટ્ય



ગઢડા તીર્થનાં દર્શને શિબિરાર્થીઓ

તીર્થયાત્રા યોજાઈ. ૨ જાન્યુઆરીએ અયોધ્યા શ્રી રામ જન્મભૂમિમાં નિર્માણાધીન નૂતન મંદિર ને શ્રી રામલલ્લાની મૂર્તિનાં દર્શન કરી, ઈતિહાસ જાણી સૌ ધન્ય થયાં. રાત્રે સૌ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાન-મહામંગલકારી તીર્થ છપૈયા પધાર્યાં. સ્થાનિક ભક્તો-આગેવાનોએ અદ્‌ભુત સ્વાગત કર્યાં. ૩ જાન્યુઆરીએ વહેલી સવારે પ્રભુ પ્રાગટ્યસ્થાનમાં સાહેબજીની નિશ્રામાં સૌનાં મંગલ માટે ગદ્‌ગદભાવે ધૂન-પ્રાર્થનાઓ કરી. દિવસ દરમિયાન ઘનશ્યામ મહારાજનાં અનેક લીલા સ્થાનોનાં દર્શન કરી મહિમામાં ગરકાવ થયાં. સવાર-સાંજની આરતીમાં જોડાઈ ભક્તિ અદા કરી. ૪ જાન્યુઆરીએ દિલ્હી જવા પ્રસ્થાન કર્યું.

૫ જાન્યુઆરીના રોજ દિલ્હી સ્થિત અક્ષરધામ મંદિરનાં દર્શન કર્યાં તેમજ પ્રદર્શની અને ઑડિયો-વિઝ્યુઅલ શો તથા ફાઉન્ટિન-લેઝર શો નિહાળી ગૌરવવંતી ભારતીય સંસ્કૃતિ અને સ્વામિનારાયણ સંપ્રદાયની અસ્મિતાનો સોનેરી ઈતિહાસ જાણ્યો. ૬ જાન્યુઆરીના રોજ સવારે ઉતારાની હૉટેલ 'ધ લેમન ટ્રી'ના સભાગૃહમાં સંતભગવંત સાહેબજી સાથે સભા કરી યુવાઓએ પોતાના પ્રશ્નોનાં સમાધાન મેળવ્યાં. બપોરે પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત લીધી અને રાત્રે દિલ્હી સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરે પધાર્યાં. ત્યાં પ.પૂ. ગુરુજી-મુકુન્દજીવન સ્વામીજી, સંતો તેમજ પૂ. આનંદીદીદી અને સંત બહેનોનાં દર્શન કરી ધન્ય થયાં. ત્યાં યોજિત સત્સંગસભાનો લાભ લીધો. ૭ જાન્યુઆરીના રોજ સૌ પરત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પરત પધાર્યાં.

ભારતનાં તીર્થસ્થાનોની સમગ્ર યાત્રાનાં સુફલ આયોજન માટે સંતભગવંત સાહેબજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના નેતૃત્વ હેઠળ સાધુ પૂ. પંકજદાસજી, પૂ. પરેશદાસજી, પૂ. અનીલદાસજી, પૂ. અર્પિતદાસજી, યુવાનેતા દિવ્યાંગભાઈ અને અનુપમભાઈને જવાબદારી સોંપી. વિદેશના યુવાનોને પ્રોત્સાહિત કરી ઇન્ટરનેશનલ યૂથ રિટ્રીટમાં જોડાવા તેમજ જરૂરી વ્યવસ્થાઓનું સંકલન કરવાની સમગ્ર જવાબદારી



સોખડાના જૂના સ્વામિનારાયણ મંદિરે સભામાં સાહેબજીનાં આશીર્દાન

અમેરિકાના મહર્ષિભાઈ, મિહિરભાઈ અને તૃષિલભાઈએ સંભાળી. અનુપમ મિશન, અમેરિકાના સાધુ પૂ. જયેશદાસજી અને પ્રમુખ ડૉ. જિતુભાઈ, ઈંગ્લૅન્ડના સંતો સાધુ પૂ. પંકજદાસજી અને પૂ. કિરણદાસજી તેમજ અનુપમ મિશન, ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈ અને અન્ય વડીલો પણ યુવાનો સાથે યાત્રામાં જોડાયા. લાંબી યાત્રાની મુસાફરી ફ્લાઈટ્સમાં, સ્થાનિક મુસાફરી ગાડીઓ અને બસો દ્વારા સંપન્ન થઈ. ભોજન, ઉતારા તથા અન્ય સઘળી જરૂરિયાતોની અદ્‌ભુત વ્યવસ્થા સંતોનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. સંપૂર્ણ યાત્રા નિર્વિઘ્ને પૂરી થઈ. સંતભગવંત સાહેબજીએ તમામ વ્યવસ્થાઓમાં સહભાગી સંતો, યુવાનો અને સેવકો પર અપાર રાજીપો વરસાવ્યો.

વિશેષ તો, વિવિધ તીર્થોની આ દિવ્ય યાત્રામાં ગઢડા, સારંગપુર કષ્ટભંજન દેવના મંદિરે, પંચાળા, લોજ, કાલવાણી, જૂનાગઢ જેવાં અનેક તીર્થસ્થાનોમાં અમદાવાદ અને વડતાલ ગાદીના સંતો-મહંતોનાં સહકાર અને દર્શનનો અનેરો લાભ પ્રાપ્ત થયો. બી.એ.પી.એસ. સંસ્થાના ગઢડા મંદિરે, ગોંડલના અક્ષર મંદિરે, સારંગપુરના સ્મૃતિસ્થાને, દિલ્હીના અક્ષરધામમાં કોઠારીશ્રીઓ અને સંતો-સ્વયંસેવકોએ અપૂર્વ સહયોગ આપી વ્યવસ્થાઓ કરી આપી, જેમાં તેઓ સૌની ભક્તિનાં અલૌકિક દર્શન થયાં. તેમજ અયોધ્યા સ્થિત સ્વામિનારાયણ મંદિરના મહંત પ.પૂ. અખિલેશ્વર સ્વામી, અયોધ્યા હનુમાન ગઢીના મહંત પ.પૂ. કલ્યાણદાસ મહારાજ, છપૈયા સ્વામિનારાયણ મંદિરના મહંત પ.પૂ. દેવ સ્વામી, કોઠારીશ્રી પ.પૂ. વિષ્ણુ સ્વામીના પણ અદ્‌ભુત સાથ-સહકાર પ્રાપ્ત થયા. આ સૌ સંતો-મહંતોના આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી સૌ યુવાનોએ ધન્યતા અનુભવી.

આપણે જાણીએ છીએ કે, હૃદય સ્નાયુઓનું બનેલું અંગ છે. જ્યારે હૃદયના સ્નાયુઓ નબળા પડે (કાર્ડિયોમાયોપથી) તેને હાર્ટ ફેઈલ્યોરની બીમારી કહેવામાં આવે છે. જેના કારણોમાં Ischemic (કાર્ડિયોમાયોપથી) - જ્યારે હૃદયરોગના હુમલાની સમયસર નિદાન અને સારવાર મળવામાં વિલંબ થાય ત્યારે અથવા Nonischemic (કાર્ડિયોમાયોપથી) - જ્યારે વાઈરલ ઈન્ફેક્શન (માયોકાર્ડાઈટિસ), મેટાબોલિક કારણો, વારસાગત જન્મજાત કારણો, Amyloidosis, Sarcoidosis, વધારે પડતા દારૂના સેવનથી અથવા હૃદયના વાલ્વની બીમારી-વાલ્વ સાંકડો થાય (સ્ટિનોસિસ) અથવા વાલ્વ ઢીલો પડી જાય (રિગર્જિટ્રેશન) ત્યારે હૃદય પહોળું થાય છે અને હૃદયનું પમ્પિંગકાર્ય ઓછું થઈ જાય છે જેને કારણે હૃદય દ્વારા આખા શરીરમાં લોહીનું પરિભ્રમણ ઓછું થઈ જાય છે એને હાર્ટ ફેઈલ્યોર કહેવાય છે.




### * હાર્ટ ફેઈલ્યોરનાં લક્ષણો કયાં હોય છે ?

૧. ચાલીએ ત્યારે અથવા બેઠા બેઠા શ્વાસ લેવામાં તકલીફ પડવી. ૨. રાત્રે સૂતી વખતે શ્વાસ ચડવો. ૩. બંને પગે સોજા આવવા. ૪. ધબકારા અનિયમિત થઈ જવા. ૫. ચક્કર આવવાં. ૬. પેશાબ ઓછો થવો. ૭. શરીરમાં પાણી ભરાવાથી ટૂંકા સમયમાં અચાનક વજનમાં વધારો થવો.


### * હાર્ટ ફેઈલ્યોરનું નિદાન કેવી રીતે થાય ?



ઉપરનાં લક્ષણો જણાય તો તરત જ નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી. અને આગળની તપાસ જેવી કે, ઈલેક્ટ્રો કાર્ડિયોગ્રાફી (ઈ.સી.જી.), ઈકો કાર્ડિયોગ્રાફી, લોહીની તપાસ, ખાસ કરીને પ્રો-બિએનપી માર્કર હાર્ટ ફેઈલ્યોરના નિદાન કરવામાં મદદરૂપ થાય છે. જરૂર પડે તો કોરોનરી ઍન્જિયોગ્રાફી અને કાર્ડિયાક એમ.આર.આઈ. કરવામાં આવે છે.

### * હાર્ટ ફેઈલ્યોરની સારવાર શી ?

હાર્ટ ફેઈલ્યોરની સારવાર માટે હૃદયને આરામ આપવો, ડૉક્ટરનું નિયમિત માર્ગદર્શન લેવું અને સૂચના પ્રમાણે નિયમિત દવા લેવી, પીવાના પાણીના પ્રમાણ પર અંકુશ લાવવો, નિયમિત લોહીની તપાસ કરવી, વધારે પડતો વ્યાયામ ન કરવો અને હૃદયને વધારે જોર ન આપવું. હૃદયના વાલ્વમાં ખામી વધી જાય તો હૃદયના વાલ્વની સર્જરી કરવી, હૃદયની નળીઓમાં બ્લૉકેજ હોય તો તેની સમયસર સારવાર કરવી, અને જરૂર પડે ત્યારે હૃદયની અંદર ત્રણ તારવાળું પેસમેકર/ડિફિબ્રિલેટર ICD (CRT-P અથવા CRT-D) મૂકવામાં આવે છે કે જે હૃદયનાં નીચેનાં ખાનાંઓને (Right and Left Ventricles) સિન્ક્રોનાઈઝ કરે છે અને હૃદય બંધ પડે ત્યારે શોક આપીને હૃદયને ચાલુ કરે છે. નાની ઉંમરના લોકોમાં જ્યારે આગળ જણાવી એ સારવાર અસરકારક ના થાય અને હૃદય વધારે નબળું પડે છે ત્યારે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવે છે.





### * સડન કાર્ડિયાક ડેથ એટલે શું ?

હાર્ટ ફેઈલ્યોરના દર્દીઓમાં જ્યારે હૃદયનું પમ્પિંગ કાર્ય ૩૦ ટકાથી વધારે નબળું થાય ત્યારે, ઊંઘમાં પણ હૃદય અચાનક બંધ પડવાની શક્યતા હોય છે, જેને સડન કાર્ડિયાક ડેથ કહેવામાં આવે છે. એવી પરિસ્થિતિ, જેમાં હૃદયને લગતી બીમારીથી કોઈ કારણસર હૃદયનું કામ ત્વરિત બંધ થઈ જાય, શરીરનું રુધિરાભિસરણ તંત્ર કામ કરતું બંધ થઈ જાય છે અને બધા અવયવોને ઑક્સિજન ના મળવાથી દર્દીને હૉસ્પિટલ પહોંચવાનો સમય પણ મળતો નથી અને અચાનક મૃત્યુ થાય છે.

મોટી ઉંમરના દર્દીઓમાં હાર્ટ ઍટેકને કારણે હૃદયના નબળા સ્નાયુઓ, મહાધમનીની વિચ્છેદન (Aortic Dissection), ફેફસાંની નળીમાં લોહીનો ગઠ્ઠો આવવો (Pulmonary Embolism), મગજના જ્ઞાનતંતુઓ કામ કરતા બંધ થાય. (Ischemic or Hemorrhagic CV stroke) અને Ventricular arrhythmia સડન કાર્ડિયાક ડેથ (SCD) માટે જવાબદાર હોય છે.

નાની ઉંમરનાં બાળકોમાં અને યુવાનોમાં સડન કાર્ડિયાક ડેથ થવાનાં કારણોમાં મુખ્યત્વે કાર્ડિયોમાયોપથી (હૃદયના સ્નાયુની વારસાગત બીમારી) અથવા જન્મથી હૃદયની ઇલેક્ટ્રિક સિસ્ટમમાં તકલીફ જવાબદાર હોય છે, જે ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રાફી (ઇ.સી.જી.), ઇકો કાર્ડિયોગ્રાફી અને કાર્ડિયાક એમ.આર.આઈ.ની મદદથી નિદાન કરવામાં આવે છે અને ફેમિલી સ્ક્રીનિંગની સલાહ આપવામાં આવે છે.

કોઈ દર્દી અચાનક બેભાન થઈ જાય તો તરત જ હૃદય ધબકતું છે કે નહીં એ તપાસ કર્યા પછી, આ બધા જ કિસ્સામાં જો CPR (કાર્ડિયો પલ્મોનરી રિસસિટેશન) તાત્કાલિક આપવામાં આવે તો દર્દીનું જીવન બચાવી શકાય છે. ઇમરજન્સી ઍમ્બ્યુલન્સ બોલાવી તરત જ નજીકની હૉસ્પિટલમાં દર્દીને દાખલ કરી દેવા જોઈએ. હૃદયને ચાલુ કરવા માટે જરૂર પડે તો ડિફીબ્રિલેટર વાપરીને ઇમરજન્સીમાં ઇલેક્ટ્રિક DC Shock આપવો પડે છે. જો હૃદય ૧૫-૨૦ મિનિટ સુધીમાં ચાલુ ના થાય તો પછી હૃદય ફરી ચાલુ થવાની શક્યતા નહીંવત્ હોય છે.





*** વેન્ટ્રિક્યુલર એરિધમિયા (Ventricular Arrhythmia) એટલે શું ?**

જ્યારે હૃદયનાં નીચલાં ખાનાં (Left and Right Ventricles)ના ધબકારા અચાનક વધી જાય અને અનિયમિત થઈ જાય ત્યારે હૃદય ધ્રૂજી જાય છે કે જેને વેન્ટ્રિક્યુલર ફિબ્રિલેશન (VF)/ ટેકિકાર્ડિયા(VT) કહેવાય છે, દર્દી અચાનક બેભાન થઈ જાય છે અને સમયસર CPR અને કરંટ જેવો ઝાટકો - ડિફિબ્રિલેશન (DC ઇલેક્ટ્રિક શોક) સારવાર ના આપવામાં આવે તો હૃદય કાયમ માટે કામ કરતું બંધ થઈ જાય છે અને જીવલેણ પુરવાર થાય છે.

*** એટ્રિયલ એરિધમિયા (Atrial Arrhythmia) એટલે શું ?**

જ્યારે હૃદયનાં ઉપરનાં ખાનાં (Left and Right Atrium)ના ધબકારા અચાનક વધી જાય અને અનિયમિત થઈ જાય ત્યારે દર્દીને પોતાના જ ધબકારા સંભળાય છે, શ્વાસ ચડી શકે છે, છાતીમાં દુઃખાવો થાય છે, ચક્કર આવી શકે છે અને Atriaમાં લોહીનો ગઠ્ઠો જામવાથી મગજનો લકવા થવાની શક્યતા હોય છે. એટ્રિયલ એરિધમિયા ઓછા કિસ્સાઓમાં જીવલેણ પુરવાર થતા હોય છે. ઉપરનાં લક્ષણો જણાય ત્યારે એટ્રિયલ એરિધમિયાનું નિદાન કરવા માટે ઇ.સી.જી., હૉલ્ટર મોનિટરીંગ, સ્માર્ટ વૉચ જેવાં સાધનો ઉપયોગમાં આવે છે. અને તેની સારવાર માટે ધબકારા ઓછા કરવાની અને લોહી પાતળું કરવાની ખાસ દવા આપવામાં આવે છે અને જરૂર પડે તો ઇલેક્ટ્રોફિઝિયોલોજિસ્ટ સ્ટડી (EPS) દ્વારા હૃદયમાં રહેલી વધારાની ઇલેક્ટ્રિક સર્કિટને નાબૂદ કરવામાં આવે છે. જ્યારે હૃદયની ઇલેક્ટ્રિક સર્કિટ ઘસાઈ જાય છે ત્યારે ધબકારા ખૂબ જ ઓછા થઈ જાય છે અને બે તારવાળું પેસમેકર મૂકવાની જરૂર પડે છે.




*** હૃદયરોગથી બચવા શું કરવું જોઈએ ?**

તણાવમુક્ત જીવન, નિયમિત આહાર, પૂરતી ઊંઘ/આરામ, સારો સાત્ત્વિક ખોરાક, તાજાં લીલાં શાકભાજી તથા ફળયુક્ત ખોરાક વધારે લેવો જોઈએ. વધુ પડતા ઘી અથવા તેલમાં તળેલા ખાદ્યપદાર્થો અને જંકફૂડ ટાળવું. નિયમિત ૪૫થી ૬૦ મિનિટ વ્યાયામ કરવો અને નિયમિત ચાલવા જવું. તમાકુ અને ધૂમ્રપાનથી દૂર રહેવું. ૪૦ વર્ષની ઉંમર પછી નિયમિત બોડી ચૅકઅપ કરાવવું કે જેથી છૂપી રીતે પડી રહેલા (સાઇલન્ટ) રોગોનું સમયસર નિદાન થઈ શકે. જેને જરૂર હોય એણે ડૉક્ટરની સલાહ મુજબ નિયમિત દવા લેવી, નિયમિત ધ્યાન અને યોગાસનો કરવાં. જેના કુટુંબના સભ્યોમાં સડન કાર્ડિયાક ડેથ થયાં હોય, તેમણે કાર્ડિયોલોજિસ્ટ દ્વારા ખાસ તપાસ કરાવવી જોઈએ.




*** હાર્ટ ઍટેકના નિદાન માટે :**

વ્યક્તિને પોતાના શરીરમાં હૃદયને લગતાં કોઈ પણ સામાન્ય લક્ષણો જેવાં કે, છાતીમાં દુખવું, છાતીમાં ભાર લાગવો, ગભરામણ થવી, Unexplained પરસેવો થવો અને અસામાન્ય લક્ષણો જેવાં કે ચક્કર આવવાં, ગેસ-ઍસિડિટી જેવું લાગવું, જડબામાં દુખવું અથવા પીઠદર્દ - કમરના ઉપરના ભાગમાં દુખાવો થવો, શ્વાસ લેવામાં તકલીફ થવી, ચક્કર આવવાં અથવા આંખે અંધારાં આવવાં, ડાબો હાથ ભારે લાગવો; ભલે તેની તીવ્રતા ઓછી હોય તો પણ હૃદયરોગની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને ઇ.સી.જી. અને જરૂર પડે તો બ્લડ ટેસ્ટ ટ્રોપોનીન (Troponin)નું સ્ક્રીનિંગ સત્વરે કરાવવું જોઈએ. ડૉક્ટરની સલાહ મુજબ યોગ્ય સ્ક્રીનિંગ દ્વારા યોગ્ય સમયે નિદાન થતાં યોગ્ય સારવાર મળી રહે છે અને હૃદયરોગનો ખતરો નિવારી શકાય છે. એક વખત ઇ.સી.જી. કરાવ્યા બાદ અડધા કલાકના અંતરે ફરી વખત સિરિયલ ઇ.સી.જી. અથવા સિરિયલ ટ્રોપોનીન (Troponin) લોહીની તપાસ સચોટ નિદાન કરવામાં મદદરૂપ થાય છે. સાયલન્ટ હાર્ટ ઍટેક ડાયાબિટીસના દર્દીઓમાં વધારે જોવા મળે છે જેનું જોખમ વધારે હોય છે કારણ કે દર્દીને હૃદયરોગના હુમલામાં ઉપર જણાવેલાં લક્ષણો જણાતાં નથી.

તે જાણી - સમજીને પગલાં લઈએ તો જીવન બચી શકે છે. એટલે જ્યારે જરૂર જણાય ત્યારે તરત જ નિષ્ણાત ડૉક્ટરનું માર્ગદર્શન લેવું જોઈએ. ◆

# સત્સંગ સમાચાર

## ઝોળી પર્વ


ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉત્તરાયણના પાવન દિવસે ઘરે ઘરે ઝોળી ઉઘરાવવાની સેવામાં વિચરે છે. તે રીતિ અનુસાર અનુપમ મિશન-ભારતનાં કેન્દ્રો સહિત પરદેશનાં કેન્દ્રોમાં પણ સંતો સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ઉત્તરાયણ-૧૪ જાન્યુઆરીના રોજ ઝોળી સ્વીકારવાની સેવામાં જોડાયા અને 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ !'ના નાદની આહલેક જગાડી. ઘરે પધારેલા સંતોની ઝોળીમાં ભક્તોએ અત્યંત ભક્તિભાવે અનાજ, ધન આદિ સમર્પિત કરી ઝોળી છલકાવી દીધી. વિશેષ તો 'સ્વ'-ભાવ અર્પણ કરી, પરિશુદ્ધ બની, પ્રભુના સુખે સુખી થવાની સૌ ભક્તોએ પ્રાર્થના ધરી. સંતોએ પણ સૌ ભક્તોની સુખાકારી માટે પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ ધરી. સંતો સાથે સક્રિય કાર્યકરો પણ સેવામાં જોડાયા અને જે સ્થાને સંતો ના પહોંચી શકે તેવાં મંડળોમાં ભક્તોએ આ સેવા ઉપાડી સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવારૂપ ભક્તિ અદા કરી. ◆

## પરમ પૂજ્ય સોનાબા નિર્વાણ સ્મૃતિદિન વંદના

૨૧ જાન્યુઆરી-પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિને સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં સંતો અને સ્થાનિક ભક્તોએ પ.પૂ. સોનાબાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સવારે શણગાર આરતી બાદ તેઓના સમાધિસ્થાને સંતો-ભક્તોએ એકત્ર થઈ મહિમા-વંદના અને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કરી પોતાના અંતરના ભાવ ધર્યા. પ.પૂ. સોનાબાનાં નિઃસ્વાર્થ અમર્યાદ પ્રેમ, વાત્સલ્ય અને કરુણાની સૌએ સ્મૃતિ કરી, અને સંતોએ તેઓની મૂર્તિનાં પૂજન કરી ભાવવંદના અર્પણ કરી. ◆

## શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનાં વધામણાં

૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પુણ્ય નગરી અયોધ્યામાં પ્રભુ શ્રી રામના જન્મસ્થાનમાં મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રી રામ મૂર્તિ સ્વરૂપે પુનઃ બિરાજ્યા. ૫૦૦ વર્ષના લાંબા સમયગાળા દરમિયાન ભક્તો દ્વારા પ્રાર્થનારૂપી જે ભક્તિ અર્પણ થઈ, જે સમર્પણ કરાયાં, જે ભીડા વેઠવામાં આવ્યા તેનાં સુફળ પ્રાપ્ત થયાં ને સનાતન હિન્દુ સંસ્કૃતિની ધજા ગગને લહેરાઈ તેના જયનાદ આઠેય દિશાઓમાં ગૂંજ્યા. અત્યંત શાંતિપૂર્ણ અને સૌહાર્દભર્યા વાતાવરણમાં શ્રી રામલલ્લાની મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. વર્ષોથી જોવાતી પ્રતીક્ષા પૂર્ણ થઈ તેનો આનંદ દેશ-વિદેશમાં વ્યાપ્યો. સમસ્ત દેશને રોશની અને રંગોથી સુશોભિત કરી સૌ ભક્તોએ અંતરનો આનંદ વ્યક્ત કર્યો. સંતભગવંત સાહેબજીના હૈયે પણ આ ઉત્સવનો અનેરો આનંદ હતો. તેઓની આજ્ઞાથી સંતોએ મંદિરજી અને સમગ્ર પરિસરને રંગ-રોશનીથી સજાવી દીધું. સવારે 'પારમિતા' સભાખંડમાં મોટા પડદા પર સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં સૌ સંતો-ભક્તોએ અયોધ્યા મંદિરમાં થઈ રહેલ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાની સમગ્ર વિધિ તથા કાર્યક્રમના જીવંત પ્રસારણને માણ્યું. અને સાંજે મંદિરજીના પ્રાંગણમાં વિશેષ સભાનું આયોજન કરી મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનાં વધામણાં કર્યાં. અત્યંત શાંતિપૂર્ણ વાતાવરણમાં આ દિવ્ય મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો તે બદલ સાહેબજીએ દેશનાં શીર્ષ નેતૃત્વ, બંધારણ ને કાયદો તેમજ લોકશાહીની શક્તિને બિરદાવ્યાં અને 'પ્રભુનું અવતરણ શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા જ થાય છે' તેમ જણાવી આશીર્વાદ વરસાવી સૌને ભક્તિયુગના એટલે કે દિવ્ય નવયુગના સ્થાપનની શુભ કામનાઓ પાઠવી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સમૂહ આરતી અર્પણ કરીને ભક્તિ અદા કરીઅને સાથે આતશબાજી દ્વારા આનંદને વધાવ્યો.





અયોધ્યામાં નવનિર્મિત ભગવાન શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં આનંદપૂર્ણ વધામણાં

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં મંદિરોમાં, કેન્દ્રોમાં પણ સૌ ભક્તોએ ભેગા મળી શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનાં વધામણાંના વિવિધ કાર્યક્રમો ભવ્યતાથી ઊજવ્યા, આતશબાજી કરી ઉત્સવના આનંદને વ્યક્ત કર્યો તથા આવી ઉજવણી દ્વારા હિન્દુ સંસ્કૃતિના પ્રકાશને વિસ્તાર્યો. ◆

## શ્રી યોગી નિર્વાણ સ્મૃતિદિન વંદના

૨૩ જાન્યુઆરી, ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સ્વધાનગમનના વાર્ષિક સ્મૃતિદિને તેઓની પુણ્ય સ્મૃતિ સાથે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સવારે શણગાર આરતી બાદ સૌએ ભેગાં મળી 'હૃદયકુંજ-શ્રી હરિ અભિષેક મંડપ'માં બિરાજમાન ગુરુદેવ યોગીજી મહારાજની મૂર્તિનાં પૂજન-પુષ્પહાર અર્પણ કરી ભાવવંદના અર્પી તથા મંત્રપુષ્પાંજલિ દ્વારા ભક્તિસુમન અર્પ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાનાં સાંનિધ્યે સૌએ પ્રાતઃવંદના ધરી. રાત્રે અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તો દ્વારા 'યોગીહૃદય, સાહેબમય - અનુપમ અષ્ટસખા' નામક વિશિષ્ટ કીર્તન-ભક્તિવંદનામાં ગુરુદેવ યોગીજી મહારાજના અદ્‌ભુત માહાત્મ્યને વાણી અને કીર્તન દ્વારા પ્રસ્તુત કરાયાં. તેમજ તેઓ દ્વારા સર્જન પામેલ અનુપમ સદ્‌ગુરુ સંતોના મહિમાનાં પણ દર્શન કરાવાયાં. મોટા એલ.ઈ.ડી. સ્ક્રીન પર ગુરુદેવ યોગીજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં દુર્લભ દિવ્ય વિડિયોદર્શન કરી સૌ ધન્ય થયાં. અનુપમ સૂરવૃંદના સંતોએ સુંદર કીર્તનોનાં ગાન કર્યાં. આ પ્રસંગને માણવા દેશ-વિદેશના અનેક હરિભક્તો પધાર્યા, તે સૌએ માહાત્મ્યસભર દિવ્યતાની અલૌકિક અનુભૂતિ કરી. ◆

## પોષીપૂર્ણિમા ઉત્સવ

૨૫ જાન્યુઆરી, પોષીપૂર્ણિમાના મહામંગલકારી ઉત્સવને સૌએ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે અનેરા ભક્તિભાવે ઊજવ્યો. સંતભગવંત સાહેબજી, પૂ. દિનકરભાઈ (યોગી ડિવાઇન સોસાયટી, શિકાગો), સદ્‌ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં ભારત અને પરદેશના અનેક મુક્તોએ પધારી આ ઉત્સવનો લાભ પ્રાપ્ત કર્યો. શ્રી ગુણાતીત દીક્ષાદિન, અનુપમ મિશનના વ્રતધારી સંતોનો વ્રતધારણ દિન અને નૂતન મંદિરજીની મૂર્તિઓના ચતુર્થ પાટોત્સવના આ ત્રિવેણી પર્વમાં સૌએ અલૌકિક સત્સંગલાભ મેળવ્યો અને દિવ્ય સ્મૃતિઓ હૃદયસ્થ કરી.

સવારે સદ્‌ગુરુ સંતો, સંતો-ભક્તો નિજમંદિરમાં તથા બહેનો 'અક્ષરમહોલ'માં એકત્રિત થયાં અને ધૂન-કીર્તન-સ્તોત્રમનાં ગાન કરી પ્રાર્થનાઓ ધરી. સંતભગવંત સાહેબજી પધાર્યા, તેઓ સાથે સૌ સંતો ગર્ભગૃહમાં મૂર્તિ સમક્ષ પધાર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના પ્રધાન આચાર્યપદે સુંદર પાટોત્સવ પૂજનવિધિ અર્પણ થઈ. નિજમંદિરજીમાં સહજાનંદ સ્વામીજીનાં પૂજન સંતભગવંત સાહેબજી, શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીનાં પૂજન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને શ્રી ગોપાળાનંદ સ્વામીજીનાં પૂજન પૂ. મનોજદાસજીએ કર્યાં. તેમજ 'અક્ષરમહોલ'માં પૂ. રતિદાદાના સાંનિધ્યે પાટોત્સવ પૂજન થયાં.

ત્યારબાદ શ્રી ઠાકોરજીને શણગાર અર્પણ થાય અને દર્શન ખુલ્લાં મુકાય તે દરમિયાન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સુંદર આશીર્વાદ આપતાં કહ્યું કે, 'પાટોત્સવનું પર્વ એ જેમ આપણે મોબાઈલને ચાર્જર સાથે કનેક્ટ કરીએ અને બેટરી રિચાર્જ થઈ જાય, તેમ શ્રી ઠાકોરજીમાં આપણને પરોવી, આપણી જાતને સેવા-ભક્તિ-સત્સંગ કરવા તરોતાજા કરવાની ઉત્તમ તક છે. શ્રી ઠાકોરજી તો સદાય કૃપાળુ, દયાળુ છે અને દર્શન આપવા હાજર જ હોય છે, પણ આપણે એવા પ્રભુધારક સત્પુરુષમાં 'સ્વ'ને જોડી તેમને સેવવાના છે.' શ્રી ઠાકોરજીનાં દર્શન ખૂલતાં છડીનાં ગાન અને ઘંટારવ સાથે સૌ સંતો-ભક્તોને આરતી ઉતારવાનો દિવ્ય લાભ પ્રાપ્ત થયો.

ત્યારબાદ 'વર્ણીકુંજ'માં માહાત્મ્યગાન સભા યોજાઈ, જેમાં અત્યંત કૃપા કરતાં સંતભગવંત સાહેબજીએ સૌ પ્રથમ આશીર્વાદ વરસાવ્યા અને



શ્રી યોગી સ્મૃતિદિન કીર્તન આરાધનામાં અનુપમ સૂરવૃંદના સંતો-સેવકોને આશીર્વાદ



પોષીપૂર્ણિમાની માહાત્મ્યદર્શન સભામાં સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા

પરાવાણીનો સુંદર લાભ આપ્યો. ત્યારબાદ પ.પૂ. દિનકરભાઈ અને સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીએ પણ પ્રાસંગિક લાભ આપી પ્રાર્થનાઓ ધરી. ગુણાતીતભાવ પામવાના માર્ગે જીવન સમર્પિત કરી ભક્તિ અદા કરતા સૌ ભક્તો માટે અલભ્ય સ્મૃતિ અને સત્સંગલાભ પ્રાપ્ત થયો. ◆

## ભારતના ૭૫મા ગણતંત્ર પર્વની ઉજવણી

*** પ્રજ્ઞાનતીર્થ :** અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે શૈક્ષણિક સંકુલ 'પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન' ખાતે "નારી શક્તિ કા સન્માન, રાષ્ટ્ર વિકાસ કા પ્રમાણ" કાર્યક્રમના હાર્દને અનુરૂપ ભારતનો ૭૫મો ગણતંત્ર દિવસ સમારોહ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. મોગરી સ્થિત અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ આનંદ બાલવાડી, મિત્ર પુનર્વસન કેન્દ્ર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ અને સહજાનંદ કલાસાધના તીર્થના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને મહેમાનોની વિશાળ ઉપસ્થિતિમાં આ ઉત્સવ ભવ્ય રીતે ઊજવાયો.

મુખ્ય અતિથિ સ્વરૂપે એમટીસી. ઍન્જિનિયરીંગ કંપની અને મધુભાન રિસૉર્ટ ઍન્ડ સ્પાનાં સી.ઈ.ઓ. શ્રીમતી તરુણાબહેન પટેલ પધાર્યાં અને તેઓ દ્વારા જ્યારે તિરંગાને ખુલ્લા અવકાશમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતનાં ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી. આ પ્રસંગે અનુપમ મિશનના સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદ્ગુરુ સાધુ પૂ. ડૉ. રતિકાકા, યુ.પી.એસ.સી.ના ચૅરમૅન સદ્ગુરુ સાધુ પૂ. ડૉ. મનોજદાસજી, યોગી વિદ્યાપીઠના ચિફ ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એન. સી. પટેલ, અનુપમ મિશન ઇન્ટરનેશનલ કમિટીના પ્રમુખ સતીશભાઈ ચતવાણી, અનુપમ મિશન-અમૅરિકાના પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ, સુવર્ણાબહેન કદમ આદિની ઉપસ્થિતિ ખૂબ પ્રેરક રહી.



'પ્રજ્ઞાનતીર્થ'માં સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે ૭૫મા ગણતંત્ર દિનની ઉજવણી

શ્રીમતી તરુણાબહેને પોતાના સંબોધનમાં જણાવ્યું કે, 'ભણીગણીને બહેનો પોતાનું જીવન બદલી શકે છે. બહેનો હકારાત્મક અભિગમ રાખે તો કાંઈ પણ કરવા સક્ષમ બને છે. હતાશ થયા વિના નીડર બની પ્રભુ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ રાખશો તો સેવા વધુ સારી રીતે કરી શકશો.' પૂ. મનોજદાસજીએ તરુણાબહેનની આ વાત પર વિશેષ પ્રકાશ પાડી માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને આદર્શ માતાઓ, સ્ત્રીરત્નોની વાતો કરી બાળકોમાં ચારિત્ર્યનું ઘડતર થાય તેવા સમાજના નિર્માણમાં સ્ત્રીના પ્રદાનનું મહત્ત્વ સમજાવ્યું. પૂ. અશ્વિનદાદાએ પ્રસંગોચિત આશીર્વચન પાઠવ્યાં.

જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા સુંદર રાષ્ટ્રગૌરવ ગીતગાન પ્રસ્તુત કરાયું તેમજ જિયા પટેલ અને મોક્ષી પટેલે રાષ્ટ્રભક્તિપૂર્ણ ચોટદાર વક્તવ્યમાં નારીશક્તિ દ્વારા થતા દેશના સર્વાંગી વિકાસની વાત કરી. 'મિત્ર' શાળા તેમજ 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'ની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાસંગિક નૃત્ય સંયોજનો ને યોગકૌશલ નિદર્શન પ્રસ્તુત કરાયાં, જે નિહાળી સૌ અત્યંત પ્રસન્ન થયાં. કાર્યક્રમનું સુંદર સંચાલન હેત્વી ઝાલા અને મિષ્ટી કલોલાએ કર્યું.

આ પ્રસંગે આદર્શ નારીરત્નો એવાં શ્રીમતી તરુણાબહેન તથા યોગી વિદ્યાપીઠની શૈક્ષણિક સેવામાં સમર્પિત પૂ. સુવર્ણાબહેન કદમને શાલ ઓઢાડી, ખેસ પહેરાવી, પ્રશસ્તિપત્ર એનાયત કરી વિશેષ સન્માન કરાયાં. પૂ. રતિકાકાએ મંચસ્થ મહાનુભાવોને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેઓનાં અભિવાદન-બહુમાન કર્યાં. દેશ-વિદેશના આમંત્રિત મહેમાનો અને મહાનુભાવોના શુભ હસ્તે વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ વિજેતા રમતવીરોને 'સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર'થી નવાજવામાં આવ્યા. અંતે ડૉ. એન. સી. પટેલે કાર્યક્રમની સફળતામાં સહભાગી મુખ્ય અતિથિ સહિત સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી. ◆

**શારદા મંદિર, નડિયાદ :** અનુપમ મિશન સંલગ્ન નડિયાદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર : અનિતાબેન દેવાંગભાઈ પટેલ (ઇપ્કોવાળા) ડે સ્કૂલમાં ભારતના ૭૫મા પ્રજાસત્તાકદિનની ઉજવણી શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુમારી પલકબહેન ધવલભાઈ ભાવસારના પ્રમુખસ્થાને થઈ. કાર્યક્રમના શુભારંભે શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાસંગિક નૃત્ય રજૂ થયાં બાદ પલકબહેનના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. પ્રાસંગિક ઉદ્બોધનમાં પલકબહેને જણાવ્યું કે, 'વિકાસશીલ ભારતે દીકરીઓનું માન વધાર્યું છે અને શિક્ષણક્ષેત્રનું સ્તર ઊંચું આણ્યું છે.'

શાળાના બાળ કલાકારો દ્વારા દેશભક્તિ ગીતની સુંદર રજૂઆત થઈ. દિયા મહીડાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં ભારતની વિકાસગાથાની અદ્ભુત વાત પ્રસ્તુત કરી. સમગ્ર કાર્યક્રમમાં ઉદ્ઘોષક તરીકે શાળાના વિદ્યાર્થીઓ

હેત્વી પ્રજાપતિ અને હેતલ પારેખ તથા સહ ઉદ્‌ઘોષક તરીકે નિધિ ચૌધરી, રુદ્ર પ્રજાપતિ તથા ઊર્વી ચૌહાણે જવાબદારી સંભાળી સફળ સંચાલન કર્યું.

આ પ્રસંગે વાર્ષિક રમતોત્સવમાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મુખ્ય મહેમાન પલકબહેનને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યાં. સાધુ પૂ. સુનીલદાસજીએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રજાસત્તાકદિનની શુભેચ્છા પાઠવી અને વિદ્યાર્થીઓ પોતાની પ્રગતિ થકી દેશને સુવિકસિત કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી. ◆

**યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી :** ૨૬ જાન્યુઆરીના રોજ ભારતના ૭૫મા પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણી યોગીજી મહારાજ મહાવિદ્યાલય ખાતે કરવામાં આવી. વિદ્યાર્થિનીઓ, અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ આદિની ઉપસ્થિતિમાં આચાર્યશ્રી રાજુભાઈ દવે દ્વારા ત્રિરંગાને મુક્ત ગગનમાં ફરકાવવામાં આવ્યો તેમજ પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થિનીઓ દ્વારા દેશભક્તિ ગીતગાન કરાયાં. જુસ્સાપૂર્ણ પ્રસ્તુતિ અને દેશભક્તિના અનેરા ભાવ સાથે આ પર્વ ઉજવાયું. ઉપસ્થિત સૌએ ગણતંત્રની ગરિમા જાળવવાની પ્રતિજ્ઞા લીધી. ◆

**નીલકંઠવર્ણી વિદ્યાલય, શિણાય :** નીલકંઠવર્ણી વિદ્યાલય ખાતે ભારતનો ૭૫મો ગણતંત્ર દિવસ ઊજવવામાં આવ્યો. ગુજરાતના કરણી સેનાના અધ્યક્ષ શ્રી મેહુલસિંઘ રાઠોડ, શિણાય ગામના સરપંચ શ્રી ગોપાલભાઈ હડિયા, ગ્રામ આગેવાન શ્રી સુનીલભાઈ હડિયા, આચાર્યા અમીબહેન પાટડિયા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. શાળાનાં બાળકોએ દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો ઉત્સાહ પણ બાળકોની પ્રસ્તુતિ અને વક્તવ્યમાં જોવા મળ્યો. મેહુલભાઈ, ગોપાલભાઈ, સુનીલભાઈ તેમજ જયંતીભાઈ મેરજાસાહેબે પ્રાસંગિક પ્રવચન કરી બાળકોને પ્રોત્સાહિત કર્યાં. પીયૂષભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી. આ કાર્યક્રમમાં મહેમાનો, વાલીગણ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સહભાગી બન્યાં. કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષિકા દીપલબહેન દ્વારા કરવામાં આવ્યું. ◆

**વેમાર :** ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વેમાર ખાતે ભક્તિનંદન બાલવાડી તેમજ શિવમ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ તેમજ ગ્રામજનો, સત્સંગી ભકતો દ્વારા ભારતના ૭૫મા ગણતંત્ર પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. સમારંભના મુખ્ય અતિથિ અને વેમાર કેળવણી મંડળના પ્રમુખ ને સત્સંગના આગેવાન એવા ચંદ્રકાંતભાઈ પટેલ દ્વારા ધ્વજવંદન કરાયું. ત્યારબાદ શિવમ વિદ્યામંદિર અને ભક્તિનંદન બાલવાડીનાં બાળકોએ દેશભક્તિથી ભર્યાં નૃત્યોની સુંદર રજૂઆત કરી. ચંદ્રકાંતભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌને રાષ્ટવિકાસમાં સહભાગી બનવા પ્રેરક સંદેશો આપ્યો. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** ઉપાસના ધામ-અમદાવાદ ખાતે સાધુ પૂ. ગૌતમદાસજીની ઉપસ્થિતિમાં ભારતના ૭૫મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી સંપન્ન થઈ. મુખ્ય મહેમાન - આર.ટી.ઓ. ઇન્સ્પેક્ટર શ્રી ઋષિકભાઈ રાઠોડ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો અને તે સાથે જ સૌ રાષ્ટ્રિય ગીતગાનમાં જોડાયાં. આ પ્રસંગે અભિલાષભાઈ સથવારાએ પ્રજાસત્તાક દિવસના મહત્ત્વ અને ઇતિહાસની વાતો કરી. શ્રી ઋષિકભાઈએ નિયમ અને ફરજપાલનની અનિવાર્યતા સમજાવી તેમજ ચેતનભાઈ વ્યાસ અને ચંદ્રકાંતભાઈ વાઘેલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. હૈયામાં અપાર દેશભક્તિના ભાવ સાથે સમગ્ર ઉત્સવ ઉજવાયો. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા શાશ્વત સ્મૃતિવંદના

સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા ૨૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સ્વધામ સિધાવ્યા. તેઓની સ્થૂળ ગેરહાજરીની ખોટ તો સૌને પડી જ, પરંતુ તેઓની સૌનાં હૈયે હાજરી એક વર્ષ બાદ પણ અકબંધ હતી અને શાશ્વત-સદાકાળ રહેશે તેવી સૌની અનુભૂતિ રહી. આ પુનિત સ્મૃતિ અને



શારદા મંદિર, નડિયાદ



યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી




**નીલકંઠવર્ણી વિદ્યાલય, શિણાય**

અનુભૂતિ સૌ સાથે વહેંચવાના ભાવ સાથે તેમજ પૂ. શાંતિદાદા પ્રતિની ભક્તિ અને પ્રેમ વ્યક્ત કરવાના ભાવ સાથે ૨૬ અને ૨૭ જાન્યુઆરી ૨૦૨૪નારોજ વિવિધ કાર્યક્રમોનાં આયોજન થયાં.

૨૬ જાન્યુઆરીની સાંજે ‘સંતમહિમા વંદના’ કાર્યક્રમ દ્વારા ‘વચનામૃત’, ‘સ્વામીની વાતું’, નંદપંક્તિના સંતો દ્વારા રચિત પદો અને કીર્તનોના આધારે અનુપમ મિશનના યોગીસર્જન સમા સદ્‌ગુરુ સંતોના મહિમાનું અલૌકિક ગાન કરવામાં આવ્યું. એક પ્રકારે સદ્‌ગુરુ સંતો પ્રતિના અદ્‌ભુત ભક્તિભાવને શબ્દો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો. સાધુ પૂ. પરેશદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, ડૉ. પૂર્વીબહેન, બ્રિજભાઈ (પૂના), નરસીદાદા (અમદાવાદ), ભાવિશાબહેન (યુ.કે.) અને યોગીભાઈ (યુ.કે.) આદિ સૌએ સદ્‌ગુરુ સંતો – પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. વી. એસ.દાદા, પૂ. ડૉક્ટરદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા, પૂ. હર્ષદદાદા, પૂ. બૅરિસ્ટરદાદાના મહિમાના દિવ્ય ગુણો અને અલૌકિક સ્થિતિનાં વર્ણન કર્યાં. શાસ્ત્રોમાં વર્ણવાયેલ સંતની અલૌકિક સ્થિતિને પ્રત્યક્ષ જીવતા સદ્‌ગુરુ સંતોનાં જીવનદર્શનની અદ્‌ભુત અનુભૂતિ પામી સૌ ધન્ય થયાં.

૨૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની પુણ્ય સ્મૃતિમાં પ્રતિ માસ યોજાતી પ્રભાતફેરીમાં આ વખતે ખૂબ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. દૂર દૂરનાં કેન્દ્રોમાંથી પધારેલ સૌ અક્ષરમુક્તોએ પૂ. શાંતિદાદા પ્રતિના પ્રેમને વ્યક્ત કરી ભક્તિ અદા કરી. વહેલી સવારે કાયાકલ્પ પામેલ પૂ. શાંતિદાદાના સમાધિસ્થાનનાં દર્શન કરી સૌ ભાવવિભોર બન્યાં. સંતો-ભક્તોએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી હૃદયવંદના ધરી. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીનાં પ્રાસાદિક સ્થાનોએથી પસાર થયેલ પ્રભાતફેરી દરમિયાન સૌ સંતો-ભક્તો ધૂન-પ્રાર્થના-કીર્તનમાં જોડાઈ પૂ. શાંતિદાદાની દિવ્ય સ્મૃતિમાં ગરકાવ બન્યા. પ્રભાતફેરીના અંતે સૌ શણગાર આરતીમાં જોડાયાં અને ત્યારબાદ પૂ. શાંતિદાદાના સમાધિસ્થાને પધારી પ્રાર્થના અને પ્રદક્ષિણા સાથે પુષ્પો અર્પણ કરી ભક્તિઅર્ઘ્ય વહાવ્યો.

ત્યારબાદ વર્ણીકુંજમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં પૂ. શાંતિદાદાને શાશ્વત સ્મૃતિવંદના અર્પતી સત્સંગસભા યોજાઈ. આ સભામાં સાધુ પૂ. ઘનશ્યામદાસજી બિરલા અને સાધુ પૂ. અશોકદાસજીએ પૂજન-પુષ્પહાર અર્પણ કરી અંતરની વંદના ધરી. પૃથાબહેન સોની, મીનેશભાઈ પટેલ (અમેરિકા), અમિતભાઈ ઠક્કર (અમદાવાદ), સતીશભાઈ ચતવાણી (યુ.કે.) તેમજ સાધુ પૂ. રમેશદાસજીએ સ્વ-અનુભૂતિ વર્ણવી, મહિમાદર્શન કરાવી અલૌકિક ભક્તિ અદા કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પ્રાર્થના ધરીને પૂ. શાંતિદાદાની પુનિત સ્મૃતિમાં સૌને ભીનાં કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી ગદ્‌ગદભાવે પૂ. શાંતિદાદાની સર્વોત્તમ દાસભક્તિનાં દર્શન કરાવ્યાં. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી પૂ. શાંતિદાદાનાં જીવન અને કાર્યની અલૌકિક ગાથા વર્ણવી. તેઓને હૈયે ધબકતા રાખવા, તેઓએ અદા કરેલ ગુરુભક્તિની સ્મૃતિ સાથે તેઓ પ્રતિની ભક્તિ કરવા અને આત્યંતિક સુખ પામવાની સમજણ આપી.



**ઉપાસના ધામ, અમદાવાદ**



**સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા શાશ્વત સ્મૃતિદિને પ્રભાતફેરી**

સૌએ પરમ ભક્તિભાવ અને અંતરભીની સ્મૃતિ સાથે પૂ. શાંતિદાદાને શ્રદ્ધાસુમન પાઠવ્યાં.

'પારમિતા' સભાખંડમાં યોજિત રાત્રિસભામાં નૂતન પાર્ષદી યુવા સંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ પૂ. શાંતિદાદાનાં દિવ્ય લીલાચરિત્રો તથા દિવ્ય સ્મૃતિને દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. આ દુર્લભ અલૌકિક સ્મૃતિનાં દર્શન પામી સૌ ધન્ય થયાં. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌ સેવકોની ભક્તિને બિરદાવી અને પૂ. શાંતિદાદાને પોતાનાં વિચાર, વાણી અને વર્તનમાં પ્રગટ રાખવાની સમજણ આપી. આખો દિવસ સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની દિવ્ય સ્મૃતિમાં લીન થઈ સૌએ અપ્રતિમ ભક્તિ અદા કરી. ◆

### શાંતિ યુવા મહોત્સવ

સંતભગવંત સાહેબજીની આજ્ઞા અને પ્રેરણાથી 'પ્રજ્ઞાનતીર્થ – સર્વાંગી શિક્ષણ સંસ્થાન' ખાતે ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની પુણ્ય સ્મૃતિ સાથે 'શાંતિ યુવા મહોત્સવ' યોજાયો. આ ઉત્સવમાં યુવાનો અને યુવતીઓ માટે રમત-ગમતના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું. ભારતનાં વિવિધ સત્સંગકેન્દ્રોમાંથી યુવાનો-યુવતીઓ પધાર્યાં ને આ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ, સૌએ ખૂબ આનંદ કરી સ્મૃતિઓ એકત્ર કરી. મહોત્સવના આરંભે સવારે સદ્ગુરુ સાધુ પૂ. રતિકાકાના સાંનિધ્યે ઉદ્‌ઘાટન સભા યોજાઈ. પૂ. શાંતિદાદાના જીવનપ્રસંગોની સ્મૃતિ કરી તેઓ પ્રસન્ન થાય તે મુજબ ખેલદિલીની ભાવના સાથે રમતગમતમાં જોડાવાની પ્રેરણા સૌએ મેળવી. ત્યારબાદ અલગ અલગ વિભાગોમાં બહેનો અને ભાઈઓએ રમતગમતનો આનંદ માણ્યો. આ યુવા મહોત્સવ દ્વારા સૌ યુવાઓએ સંપ, સુહૃદભાવ અને એકતાના પાઠ પાકા કરાવવાની ભાવના દઢ કરી. સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો, વ્રતધારી સંતો, વડીલ ભક્તોએ આ મહોત્સવમાં અને વિશેષ કરીને રમતગમતના મેદાન પર પધારી સૌ યુવાઓને અલૌકિક સ્મૃતિ આપી તેમના ઉત્સાહમાં વધારો કર્યો. સંતભગવંત સાહેબજીએ આયોજક સંતોની સેવાને બિરદાવી સૌ પર આશીર્વાદ વરસાવ્યા અને ભવિષ્યમાં સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને રમત-ગમતના વિવિધ કાર્યક્રમો યોજી આ 'શાંતિ યુવા મહોત્સવ'ને નવા આયામો પર લઈ જવા માર્ગદર્શન આપ્યાં. ◆



સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદા શાશ્વત સ્મૃતિદિને સભામાં સાહેબજીનાં આશીર્દાન

### ઉપાસના ધામ, અમદાવાદ સ્થિત મંદિર મૂર્તિઓનો પાટોત્સવ

ઉપાસના ધામ, અમદાવાદ સ્થિત મંદિર મૂર્તિઓના સાતમા પાટોત્સવ પ્રસંગે બે દિવસના ભવ્ય કાર્યક્રમોનું આયોજન થયું. પાટોત્સવની પૂર્વ સંધ્યાએ-૩૧મી જાન્યુઆરીએ સાંજે સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. હર્ષદદાદાના સાંનિધ્યે અમદાવાદ સૂરવૃંદના ભક્તો દ્વારા ભક્તિરૂપે રમઝટભરી કીર્તન આરાધના અર્પણ થઈ. બાળસભાનાં બાળકો દ્વારા 'સ્વામીની વાતો'ના કીર્તન પર, બાળકોની માતાઓ દ્વારા સાહેબજીના મહિમાના કીર્તન પર અને યુવતીમંડળ દ્વારા કથક નૃત્યશૈલી પર આધારિત ભાવનૃત્ય ઉપરાંત અયોધ્યામાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાના આનંદરૂપે 'રઘુપતિ રાજારામ...' કીર્તન પર ખૂબ અદ્‌ભુત નૃત્ય અર્પણ થયાં. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો દર્શાવી સૌને આશીર્વાદ આપ્યા. પ્રાદેશિક સંતો, બ્રહ્મજ્યોતિ-મોગરીથી પધારેલા સંતો ઉપરાંત, મુંબઈ, ઈંગ્લૅન્ડ, અમેરિકાથી પધારેલા સંતો, શ્રેષ્ઠી શ્રી પ્રવીણભાઈ કોટક, અતુલભાઈ લેખડિયા, કૃણાલભાઈ લેખડિયા, પંકજભાઈ પટેલ, ડૉ. પાર્થિવભાઈ, અનુપમ મિશન-અમેરિકાના પ્રમુખ ડૉ. જિતુભાઈ ઉપરાંત સ્થાનિક ભક્તો સહિત ભારતનાં વિવિધ સત્સંગકેન્દ્રો પરથી મોટી સંખ્યામાં પધારેલા ભક્તોએ કીર્તન આરાધના, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સભાનો લાભ લીધો.

૧ ફેબ્રુઆરીએ સવારે શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓની વેદોક્ત રીતે પાટોત્સવ વિધિ આચાર્ય સંતો સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. ઉત્પલદાસજી દ્વારા કરાવવામાં આવી. સ્થાનિક યુવાનો યજમાન તરીકે બિરાજ્યા. શ્રી ઠાકોરજી અને સૌ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિ સમક્ષ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા, પૂ. ગૌતમદાસજી, પૂ. હરિકૃષ્ણદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. કૌશિકદાસજી, પૂ. જયેશદાસજી, પૂ. ચંદ્રેશદાસજી, પૂ. પ્રિયકાંતદાસજી પધાર્યા ને પાટોત્સવ પૂજન કર્યાં. ડૉ. જિતુભાઈ અને સાધુ પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સૌને આશીર્વાદ આપ્યા. પાટોત્સવમાં પધારેલા આદરણીય ડૉ. અભિજાત શેઠનું વિશેષ સન્માન કરાયું. મોટી સંખ્યામાં પધારેલ ભક્તોએ પાટોત્સવ વિધિ અને આશીર્વાદનો લાભ લીધો. આ પ્રસંગે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ વિભાગોમાં સેવા આપી રહેલા સૌ સ્થાનિક ભક્તોને બિરદાવવામાં આવ્યા. ◆

## ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ-NGOનો દ્વિદિવસીય વર્કશોપ

૨ અને ૩ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે જુદાં જુદાં ક્ષેત્રોમાં સેવારત ગુજરાતભરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનો વર્કશોપ યોજાયો. ૨ ફેબ્રુઆરીના રોજ ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો. સંતભગવંત સાહેબજી, અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો, અમેરિકાના ડૉ. યોગેન્દ્રભાઈ પટેલ, ડૉ. જિતુભાઈ પટેલ અને સમગ્ર વર્કશોપનું સંચાલન કરનાર ડૉ. એન. સી. પટેલ તેમજ અતિથિવિશેષ શ્રી ચૈતન્ય સાંધાણી (નાયબ મામલતદાર, આણંદ) આદિ દ્વારા દીપપ્રાગટ્ય કરીને વર્કશોપને ખુલ્લો મુકાયો. શ્રી ચૈતન્યભાઈ સાંધાણીએ સૌ સ્વૈચ્છિક સંસ્થાઓને સરકારનું પૂરકબળ ગણાવી અને આવી સંસ્થાઓની સેવાવૃત્તિ અંગે તલસ્પર્શી માર્ગદર્શન આપી સરકારી પ્રક્રિયાઓને સરળ કરવાની સમજણ આપી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌ સંસ્થાઓના પ્રતિનિધિઓને નિઃસ્વાર્થ અને નિરપેક્ષભાવે સેવાકાર્ય કરવા બળ દીધાં. સ્વૈચ્છિક સંસ્થાઓનું એસોસિએશન બને અને તે દ્વારા એકબીજાંને મદદરૂપ થવાનું માધ્યમ દૃઢ બને તે માટે માર્ગદર્શન પ્રદાન કર્યાં.

શિક્ષણ, આરોગ્ય તેમજ સામાજિક ઉત્થાન માટે અમૂલ્ય સેવાઓ આપી રહેલ ગુજરાતની વિવિધ સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ આ દ્વિદિવસીય વર્કશોપમાં ભાગ લીધો. ભાગ લેનાર સૌ સંસ્થાઓના પ્રતિનિધિઓએ પોતપોતાની સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિ અંગે રજૂઆત કરી અને વિવિધ સેવાકીયક્ષેત્રે થઈ શકનાર બહુમૂલ્ય પ્રદાન અંગે ચર્ચા-વિચારણા કરી. એકંદરે રાજ્યની બધી જ સ્વૈચ્છિક સંસ્થાઓનું સ્તર ઊંચું આવે, હાલની પરિસ્થિતિ અને તેના અનુસંધાને ભાવિ કામગીરીઓ અંગેનાં દિશાસૂચનો મળે તેવો આ મીટિંગનો ઉદ્દેશ્ય રહ્યો. સેવાકાર્યમાં મદદ મેળવવા યોગ્ય રજૂઆત, સેવા કરવાની યોગ્ય પદ્ધતિ, દાતાની અપેક્ષા સંતોષાય તે પ્રકારનું સેવાકાર્ય કરવાનું માર્ગદર્શન વિશેષજ્ઞો દ્વારા આ વર્કશોપમાં અપાયું.



સ્વૈચ્છિક સંસ્થાઓના વર્કશોપનો દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ

એકબીજાનાં વિચારો, મંતવ્યો અને પ્રાવધાનો તેમજ સંસાધનોનાં સંકલન દ્વારા જનસામાન્યના હિત અર્થે કાર્ય કરવાના ભાવને વધુ વેગવાન બનાવવાના સંકલ્પ સાથે આ વર્કશોપ સંપન્ન થયો. આ બે દિવસના અનુપમ મિશનમાં રોકાણ દરમિયાન અનુપમ મિશન દ્વારા થતી વિવિધ સેવાપ્રવૃત્તિઓની મુલાકાત લઈ સૌ અભિભૂત થયા ને અનુપમ મિશનનાં સેવાકાર્યોની સરાહના કરી. આવા સુંદર વર્કશોપનું આયોજન કરવા બદલ ભાગ લેનાર સૌ સંસ્થાઓએ આયોજકોનો ખૂબ આભાર વ્યક્ત કર્યો. ◆

## શ્રદ્ધાંજલિ

**આકાશ નકારજા :** ઈંગ્લૅન્ડનિવાસી ભકતરાજ હરીશભાઈ નકારજા (મુનિ) અને અ.નિ. નીરુબહેનના સુપુત્ર આકાશભાઈ લાંબા સમયની બીમારી બાદ ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યા. દામાબાપા-પ્રભાબાનાં સૌ પરિવારજનો ઈંગ્લૅન્ડના સત્સંગમાં હોમાયાં. સૌએ પ.પૂ. પપ્પાજી, પ.પૂ. બેન, પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી સંગે પ્રીતિ કરી ભક્તિમાર્ગે જ જીવન વિતાવ્યું. પરિવારનો આ સત્સંગવારસો





અમદાવાદ મંદિર મૂર્તિઓના પાટોત્સવની પૂર્વસંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોને આશીર્વાદ... સદ્‌ગુરુઓ દ્વારા પાટોત્સવ વિધિ તથા પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

આકાશભાઈએ પણ જાળવ્યો અને દીપાવ્યો. સંતો પ્રત્યેની પ્રીતિ અને ભક્તોમાં આત્મીયતા કેળવી સુહૃદભાવસભર જીવન જીવ્યા. તેઓનાં પત્ની નેહાબહેન અને પરિવારજનો સાથે સંવાદિતા રાખી સંસાર દિવ્ય બનાવ્યો. ભક્તિરત જીવન વિતાવી પ્રભુની અખંડ સેવામાં બિરાજી જનાર આકાશભાઈને પ્રણામ ! પરિવારજનોએ આ પ્રસંગે પ્રભુનું કર્તાપણું સ્વીકારી દર્શાવેલી સમતાને વંદન ! સૌને બળ મળો તે પ્રાર્થના ! ◆



**શાંતાબા :** સૌરાષ્ટ્ર સત્સંગપ્રદેશના માવતર એવા વડીલ અક્ષરમુક્ત અને નિષ્ઠાવાન સત્સંગી થોભણભાઈનાં ધર્મપત્ની પૂ. શાંતાબહેન ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. સૌરાષ્ટ્ર પ્રદેશમાં અનુપમ મિશનના સત્સંગનો વ્યાપ વધારવા અને સૌની અત્યંત ભક્તિભાવે સેવા કરી પ્રભુમય જોડાયેલા રાખવા થોભણભાઈએ ખૂબ જહેમત ઉઠાવી, જેમાં તેઓને શાંતાબાનો અદકેરો સાથ પ્રાપ્ત થયો. સંતો સાથે ઓતપ્રોત થઈ સત્સંગની અદ્‌ભુત સેવા કરી. તેઓનું ઘર અનુપમ મિશનનું કેન્દ્ર ગણાતું. ઘરે પધારનાર સૌની માથાના મુગટ માની તેઓએ સેવા, આગતા-સ્વાગતા કરી અને અનેકોને અદ્‌ભુત પ્રેમ આપી સહાયતા પમાડી. દીકરી ભાવનાબહેનને તેમજ અનેક યુવાઓને સત્સંગનો સંસ્કારવારસો આપી ખરા અર્થમાં સુખિયાં કર્યાં. સત્સંગને જ પ્રાધાન્ય આપી જીવતર ધન્ય કરનાર આદર્શ માવતર પૂ. શાંતાબાને વિદાયવેળાએ નમન ! સૌને બળ મળો તે પ્રાર્થના ! ◆



## શ્રી ગુણાતીત જ્યોતનાં સદ્‌ગુરુ સંતશ્રી પરમ પૂજ્ય દેવીબહેનને અક્ષરધામગમન વેળાએ અનંત શ્રદ્ધાવંદન !



ગુણાતીત જ્યોતનાં વડીલ સદ્‌ગુરુ સંત બહેન પૂ. દેવીબહેન ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. પ્રભુનું ચૈતન્ય પ્રભુમાં વિલીન થયું. સ્પષ્ટ વક્તા, સ્વધર્મયુક્ત જીવન જીવતાં અને કુશાગ્ર બુદ્ધિમત્તા ધરાવતાં પૂ. દેવીબહેન ગુણાતીત જ્યોતના પાયાના એક સ્તંભ ! બાળપણમાં જ સ્વામિનારાયણ સત્સંગ મળ્યો અને પ.પૂ. સોનાબાના સંપર્કમાં આવ્યાં તેથી વૈરાગ્ય દૃઢ થયો. પ.પૂ. યોગીજી મહારાજ અને પ.પૂ. પપ્પાજીની ઐક્યતાના અનુભવ થયા. ગુણાતીતભાવ પામવા ડગ માંડવાનું નિશ્ચિત થયું તેથી જીવન અને મન પ.પૂ. પપ્પાજીના શ્રી ચરણે સમર્પિત કર્યાં. બુદ્ધિ અને વિચક્ષણતાને પ્રભુની પરાભક્તિમાં વાપરી પરમનો સાક્ષાત્કાર કર્યો. દેહને સેવામાં, મનને મૂર્તિમાં અને આત્માને ગુરુની સ્મૃતિમાં લીન કરી સાધુતાની પરમ અવસ્થા પ્રાપ્ત કરી. શ્વાસોચ્છ્‌વાસમાં ભજન, ભક્તોની ભક્તિનું જ રટણ એ જ તેઓનું સહજ જીવન. સંબંધીમાત્રને ચૈતન્યમૂર્તિ માની સાધના સરળ બનાવી. ગુરુ અને પ્રભુની પરાભક્તિમાં જ તેઓ ગરકાવ રહ્યાં.

ગુણાતીત જ્યોતનાં વ્યવસ્થાપનમાં સક્રિય રહ્યાં તેમ છતાં નિર્લેપ અને નિર્દોષભાવ સાથે જ સઘળો વ્યવહાર કર્યો. સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો પ્રતિ અપ્રતિમ આદરભાવ રાખ્યો. આત્માના ભાઈઓ માની દિવ્ય સંબંધ નિભાવ્યો. અનુપમ મિશનના વ્રતધારી સંતોને ભગવાન ભજવામાં બળ મળે અને સઘળું સાનુકૂળ થાય તે માટે અવિરત પ્રાર્થના કર્યા કરી. અણિશુદ્ધ પવિત્ર અને નિરપેક્ષ જીવન તેઓ જીવ્યાં. અગણિત મુક્તોને તેઓનો બ્રહ્મસ્પર્શ આપી ગુણાતીત અલમસ્તાઈનો અનુભવ કરાવતાં ગયાં. પ્રાપ્તિના કેફને શૂરવીરતાથી માણવાનો બોધપાઠ શીખવી ગયાં.

ગુણાતીત જ્યોતનાં અનેક સંત બહેનો અને અનેક ભક્તોનાં સુહૃદ માવતર બની તેઓને સાચવ્યાં, જતન કર્યાં. કલ્યાણના માર્ગે અનેકને આગળ લીધાં. દેશ-પરદેશમાં અહોરાત્ર વિચરણ કર્યું ને સૌને સત્સંગરૂપી અમૃતરસનાં પાન કરાવ્યાં. સ્વરૂપનિષ્ઠા અને સ્વધર્મને સદૈવ અગ્રસ્થાને રાખી સાધુતા દિપાવી. આધ્યાત્મિક સિદ્ધાંતોને તેઓએ જડબેસલાક પાળ્યા ને સૌ પાસે પળાવ્યા. ગુરુહરિની મરજી અનુસાર જીવન જિવાય તે માટે સૌને બળ દીધાં ને તે પથ પર સૌને પ્રેર્યાં. પૂજ્ય દેવીબહેન સાચે જ દેવીસ્વરૂપ હતાં. આવી વિરલ વિભૂતિ, દિવ્ય મૂર્તિ પરમ પૂજ્ય દેવીબહેનને અંતરની વંદના ! તેઓનો ગુણવારસો ધારી તેને વિસ્તારવા સૌને બળ મળે તે જ પ્રાર્થના ! ◆

# સહજ સમર્પણ અને સેવકભાવના આદર્શ પ્રતીક સદ્‌ગુરુ સાધુ પૂ. બૅરિસ્ટરદાદાના અક્ષરધામગમન પ્રસંગે અંતરની ભાવાંજલિ !



પૂજ્ય રમેશભાઈ ! સોખડામાં પ્રગટ્યા એટલે બાલ્ય અવસ્થામાં જ જશુભાઈ સાહેબ (સંતભગવંત સાહેબજી) સાથે મિત્રાચારી થઈ. યુવા અવસ્થામાં ગુરુદેવ યોગીજી મહારાજના સંબંધને પામ્યા. યોગીજી મહારાજે એક પ્રસંગે બોચાસણમાં એટલું જ કહ્યું કે, 'અરે ! તમે કેમ અહીં બેઠા છો ? જશુભાઈ સાહેબ તો વલ્લભવિદ્યાનગર ગયા. ઊઠો અને એમની પાસે પહોંચી જાવ !' રમેશભાઈ તે દિવસથી જશુભાઈ પાસે આવ્યા તે આવ્યા ને જીવનપર્યંત પાછા ગયા જ નહીં. સંબંધ તો મિત્રાચારીનો હતો, પરંતુ યોગીજી મહારાજના એક નિર્દેશે જીવનને નવું રૂપ આપી દીધું. સંતભગવંત સાહેબજી પાસેથી હેત મળ્યું, સાથીદારોનો અદ્‌ભુત સથવારો મળ્યો ને પછી તો સેવા અને ભક્તિની સરિતા વહી, જે ગુરુદેવ યોગીજી મહારાજને પ્રસન્ન કરવાના જ કેવળ ભાવ સાથે સદાકાળ વહી.

સંતભગવંત સાહેબજીમાં ગુરુભાવ ઉદય પામ્યો એટલે અઠવાડિક સત્સંગસભા, શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનાં નિર્માણકાર્ય કે પછી ગુરુદેવ યોગીજી મહારાજે આપેલ અનેક આજ્ઞાઓનાં પાલનમાં તેઓ નિષ્ઠાપૂર્વક ભળ્યા. યોગીજી મહારાજે ચીંધેલ ભગવા હૃદયના સાધુની અલૌકિક યાત્રામાં અલમસ્તાઈથી ચાલ્યા તો હૃદય ભગવું થયાની અનુભૂતિ કરી અને પોતાના ભક્તિસભર, ઠરાવરહિત પ્રભુ અને ગુરુમુખી વર્તન દ્વારા સૌને કરાવી. ૮૬ વર્ષની તેઓની જીવનયાત્રાના સરવૈયામાં સંતભગવંત સાહેબજી જ મુખ્ય રહ્યા.

લૌકિક દૃષ્ટિએ કલાક્ષેત્રે શિક્ષણ લીધું હોવા છતાં તેઓની વિચક્ષણતાને પરિણામે 'બૅરિસ્ટર'ના હુલામણા નામે સંબોધાયા. તેમની પ્રકૃતિ એટલી સહજ હતી કે, તરત સમર્પણ કરી દે. તેઓમાં સેવકભાવના અગ્રેસર હતી. સેવા કરવામાં નાના-મોટાનો ભેદ નહોતો. ગુરુની આજ્ઞાએ સહજ સમર્પણ કરી, દેહભાવ અવગણી સૌની સેવામાં સદૈવ તેઓ પ્રવૃત્ત રહ્યા. સેવા ભક્તિભાવે થાય, મહિમાથી કરાય તો પ્રગટ પ્રભુનો સાક્ષાત્કાર થાય તે ભાવને સદ્‌ગુરુ સાધુ પૂ. બેરિસ્ટરદાદાએ જીવી બતાવ્યું.

શરૂઆતનાં વર્ષોમાં સંતભગવંત સાહેબજીનાં વચને ગુણાતીત જ્યોતનાં સઘળાં કાર્યોમાં અદ્‌ભુત સેવા કરી, નીચી ટેલની સેવામાં પણ ક્યારેય નાનપ રાખી નહીં તો પ.પૂ. પપ્પાજી અને પ.પૂ. સોનાબાનો અંતરનો રાજીપો મેળવ્યો. સોખડા, સાંકરદા, દિલ્હીનાં સ્વરૂપો અને સંતોને જ્યારે જરૂર પડી ત્યારે અપ્રતિમ સુહૃદભાવે પૂ. બૅરિસ્ટરદાદા સેવામાં તત્પર રહ્યા. તેમની સેવામાં પ્રામાણિકતા અને નિષ્ઠા છલકાતાં, ભક્તિ અને માહાત્મ્યની સુવાસ પ્રસરતી. ક્યારેય કોઈનું ખોટું ના થાય, નુકસાન ના થાય તેની ખૂબ કાળજી રાખતા.

પોતે સદ્‌ગુરુ સંત હોવા છતાં અનુપમ મિશનના નાના-મોટા સૌ સંતોના સેવક થવા તેઓ સદાય તત્પર રહ્યા. સૌ સંતો સાથે એટલા નિખાલસ થઈને વર્તતા કે, સૌને તેઓ સાથે કંઈક અલગ જ સંબંધ હતો. તેમનો લાક્ષણિક સ્વભાવ એવો કે, તેમને કોઈ નાનું-મોટું જ ના લાગે. હક કરીને ઘરે પધારે અને અપાર પ્રેમ આપીને ભક્તિના માર્ગે જીવને વાળે. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સંદેશ, ગુરુદેવ યોગીજી મહારાજનો ઉદ્દેશ અને સંતભગવંત સાહેબજીના મહિમાની વાત પ્રસરાવવા, સૌને સત્સંગનું સાચું સુખ આપવા તેઓ અહોરાત્ર વિચર્યા. ભારતમાં અમરેલી, ખાંધા, મતિરાળા, દામનગર જેવાં સૌરાષ્ટ્રનાં અને સરભાણ, પુનિયાદ, અવાખલ, સેગવા, સાધલી, વેમાર જેવાં કાનમ પ્રદેશનાં અનેક અંતરિયાળ ગામોમાં સત્સંગ અર્થે તેઓનું પ્રદાન બહુમૂલ્ય છે. અમૅરિકા સ્થાયી થવાનું થયું તેથી પહેલાં પોકોનો અને પછી ઍલનટાઉન મંદિરે રહીને શ્રી ઠાકોરજીની સુંદર સેવા કરી. સ્થાનિક સંતોને એક માવતર, એક વડીલની અદ્‌ભુત છત્રછાયાનું સુખ આપ્યું. બાળકો-યુવાનોને નિરપેક્ષ પ્રેમ આપી સત્સંગના રંગે રંગ્યાં. ભક્તોને સુહૃદભાવનો પાઠ ભણાવી આધ્યાત્મિક માર્ગે દોર્યા. પરિણામે અમૅરિકામાં સત્સંગ ફૂલ્યો-ફાલ્યો.

૮૬ વર્ષે જીવનના અંતિમ દિવસોમાં સ્વાસ્થ્યલાભ પ્રાપ્ત કરવા ભારતમાં નૅચરક્યોરમાં રહ્યા અને શારીરિક તકલીફોને અવગણી ધૂન, ભજન અને પ્રાર્થનામાં જ વ્યસ્ત રહ્યા. ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીની મૂર્તિની સ્મૃતિમાં જ મસ્ત રહ્યા. હર કોઈ અવસ્થામાં પ્રભુ અને ગુરુના અનુસંધાને નિમગ્ન રહ્યા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ હૃદયરોગનો હુમલો થયો અને તેઓએ સૌની વચ્ચેથી અંતિમ વિદાય લીધી.

૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં 'હૃદયકુંજ' પાસે તેઓના પાર્થિવ વિગ્રહને અંતિમ દર્શન માટે સ્થાપિત કરાયો. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને સંતોએ ભાવથી પૂજન, પુષ્પાર્પણ, તુલસીપત્ર અને પ્રસાદીનું જળ, ખેસ અને પુષ્પચાદર અર્પણ કરી વંદના ધરી. અનુપમ મિશનના દેશ-પરદેશનાં ભક્તો, ગુણાતીત સમાજના સંતો, સંત બહેનો અને અનેક ભક્તોએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી પૂ. બૅરિસ્ટરદાદાના મહિમાને વર્ણવ્યો અને સૌને બળ પ્રદાન કર્યું. ભક્તિભીનાં નયને ને આર્દ્ર હૃદયે સૌએ સદ્‌ગુરુ સાધુ પૂ. બૅરિસ્ટરદાદાને વિદાય આપી. ૪ ફેબ્રુઆરીના રોજ તેઓની ત્રયોદશીની મહાપૂજામાં સંતો-ભક્તોએ પ્રાર્થના અને મહિમાગાન દ્વારા ભક્તિવંદના અર્પી. ◆




પોષીપૂર્ણિમાના પાવન પર્વે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત મંદિરજીની મૂર્તિઓનાં ચતુર્થ પાટોત્સવ પૂજન અને આરતી અર્પણ



અક્ષરમહોલમાં શ્રી ઠાકોરજીને પાટોત્સવ આરતી અર્પણ



પાટોત્સવ પ્રસંગે શ્રી ઠાકોરજી મહારાજને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ




પોષીપૂર્ણિમા માહાત્મ્યદર્શન સભા મંચદર્શન તથા પધારેલ દિવ્ય સંતો અને અક્ષરમુક્તો






સંતભગવંત સાહેબજી, પ.પૂ. દિનકરભાઈ, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં આશીર્દાન




તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પધારેલા ઇન્ટરનેશનલ યૂથ રિટ્રીટના શિબિરાર્થીઓ



શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર-દિલ્હીમાં પ.પૂ. ગુરુજી, પ.પૂ. લોકેશ મુનિજી સાથે દિવ્ય મિલન



અયોધ્યા સ્થિત હનુમાન ગઢીના મહંત પ.પૂ. કલ્યાણદાસજીનાં બ્રહ્મજ્યોતિમાં સ્વાગત



ચરોતર ઍજ્યુકેશન સોસાયટીના વાર્ષિકોત્સવનો દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ





હરિધામ-સોખડામાં ગુણાતીત સમાજનાં સંતો, વ્રતધારી સાધકો, સંત બહેનો અને એકાંતિક ગૃહસ્થોનાં સ્નેહમિલન સમારોહમાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન


**Regd. News Paper / Air Mail / Book Post**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-02-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008


To,


**<u>If Undelivered Please return to</u> :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**